આજનો સુવિચાર

માણસ ભગવાનની પુજા નથી કરતો, પરંતુ માણસ ભગવાનની મુર્તિમાં છુપાયેલી પોતાની મહત્વાકાંક્ષાની પુજા કરતો હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૩૧ જૂનાગઢ તા.૨૦-૫-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 131, Junagadh : Date : 20 May, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

રૂ. ૨ હજારની નોટ પાછી ખેંચાતા બજારમાં પેમેન્ટ કટોકટી સર્જાશે ? વેપાર - ઉદ્યોગ ક્ષેત્રે ભારે દોડધામ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૦

રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાએ ગઈકાલે સાંજે બે પાનાનાં સકર્યુલેશનથી રૂા.૨૦૦૦ ની ચલણી નોટો પાછી ખેચવાની જાહેરાત કરીને વ્યાપાર ઉદ્યોગ સહિતના ક્ષેત્રમાંભૂકંપ જેવા આંચકા આવ્યા પણ આ આંચકો ૨૦૧૬ કરતા ઓછી તીવ્રતાનો હતો અને રૂા.૨૦૦૦ ની ચલણી નોટો ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩સુધી માન્ય ચલણ રહેશે તેવી જાહેરાત કરતાં જ બજારમાં જબરી અફડાતફડી મચી ગઈ હતી અને એકતરફ લોકોઘરમાં પણ અગાઉજે ગુલાબી નોટ જોઈને હરખાતા હતા તેમાં આ નોટનાં નિકાલ માટે બજારમાં દોડયા હતા અને પેટ્રોલ પંપથી લઈ કિરાનાની દુકાન પર ભારે ભીડ જોવા મળી હતી. પણ જેમ જેમ વ્યાપાર જગતમાં પણરૂા.૨૦૦૦ નીચલણી નોટો બંધ થઈ છે

તેવી માહીતી મળતા જ વેપારીઓ પણ આ ચલણી નોટો સ્વીકારવાનું બંધ કરી દીધુ હતું. તો જેઓને મોટા પેમેન્ટ કરવાના હતા તેઓએ રૂા.૨૦૦૦ની નોટો બહાર કાઢીને પેમેન્ટમાં મોકલતા તે સ્વીકારવાનો પણ ઈન્કાર થયો હતો.આમ ફરી એક વખત નાણાકીય વ્યવહારને અસર થઈ હતી.

દિલ્હીના રીપોર્ટ મુજબ જયાં છૂટક બજારોની મોટી સંખ્યા છે તેવા ચાંદની ચોક અંદર બજાર લાજપત નગર સરોજીની નગર, સહીતના વિસ્તારોમાં લોકો પેમેન્ટમાં રૂા.૨૦૦૦ના રોજ આપવાલાગતા પરતા આપવા છુટા નથી તેવુ જણાવીને વેપારી વર્ગોએઆડકતરી રીતે આ નોટો સ્વીકારવાનું બંધ કરી દીધુ છે.

૧૨૭ દિવસમાં માત્ર રૂા.૨૬ લાખની જ રૂા. ૨ હજારની નોટ બદલી શકાશે

નવી દિલ્હી,તા. ૨૦: જો તમારી પાસે પણ ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટ છે, તો તમારે તેનોટ ઝડપથી બેંકખાતામાં જમા કરાવવી જોઈએ અથવા કોઈપણ બેંકમાં જઈને ૨૦૦૦ રૂપિયાની નોટ જમા કરાવવી જોઈએ અને ૧૦૦, ૨૦૦, ૫૦૦ રૂપિયાની નોટો લઈ લેવી જોઈએ.

જો તમે ૨૦૦૦ રૂપિયાની ગુલાબી નોટ બદલવા માંગો છો, તો તમે તમારા બેંક ખાતામાં ૨૦૦૦ રૂપિયાની નોટ જમા કરાવી શકો છો. અથવા તમે કોઈપણ બેંકમાં જઈને ૨૦૦૦ રૂપિયાની નોટ બદલાવી શકોછો. આરબીઆઈ અનુસાર, ૨૩ મે, ૨૦૨૩થી તમે બેંક ખાતામાં ૨૦૦૦ રૂપિયાની નોટ જમા અથવા બદલી શકો છો. પરંતુ આરબીઆઈએ તેના પર એક મર્યાદા પણ લગાવી છે કે ગ્રાહકો એક દિવસમાં ૨૦ હજાર રૂપિયાની મર્યાદામાં જ બેંકમાં ૨૦૦૦ની ગુલાબી નોટ જમા અથવા બદલી શકશે. પરંતુ આ કામ તા. ૩૦ સપ્ટેમ્બર સુધી જ કરી શકાશે.

રૂપિયા ૧૦૦૦ની નોટ પાછી આવશે ?

મુંબઈ, તા.૨૦: રિઝર્વ બેંક દ્વારા રૂા.૨૦૦૦ની નોટ ચલણમાંથી પાછી ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારે ફરી વખત નવેસરથી રૂા.૧૦૦૦ની નોટ દાખલ કરવામાં આવે તેવી શકયતા છે. કેન્દ્ર સરકારના માહિતગાર સુત્રોએ કહ્યું કે ૨૦૧૬માં રૂા.૫૦૦ અને ૧૦૦૦ની નોટ રદ કરવામાં આવી હતી ત્યારબાદ ફરી ૫૦૦ની નવી નોટ દાખલ થઈ હતી. હવે ૨૦૦૦ની નોટ સકર્યુલેશનમાંથી પાછી ખેંચવાનું જાહેર કરવામાં આવ્યું છેઅને તેના સ્થાને રૂા.૧૦૦૦ની નવી નોટ દાખલ કરવામાં આવે તેવી શકયતા છે. ૨૦૦૦ની નોટ સકર્યુલેશનમાંથી પાછી ખેંચવાના નિર્ણયના દેશભરમાં તિવ્ર પ્રત્યાઘાતો પડયા જ છે. રિઝર્વ બેંકે જોકે ૨૦૧૬ની પરિસ્થિતિનું પુનરાવર્તન રોકવા માટે ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય આપ્યો છે અને વિવિધ વિકલ્પો પણ આપવામાં આવ્યા હોવા છતાં જુદા જુદા તર્ક વિતર્કો વ્યકત થઈ રહ્યા છે.

૨૦૦૦ની નોટ પાછી ખેંચવાનાં નિર્ણયનો વિપક્ષો દ્વારા ભારે વિરોધ : રાજકીય ધમાસાણ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૦

રીઝર્વ બેંકદ્વારા રૂા. ૨ હજારની નોટ પાછી ખેંચાતા વિપક્ષોએ મોદી સરકાર ઉપર ઉગ્ર હુમલો કર્યો છે અને સરકારનાં નિર્ણયને ભુલ ભરેલો અને દિશાહીન ગણાવ્યો છે અને નોટબંધી ૨.૦ તરીકે વર્ણવી સરકારને ઘેરવાનો પ્રયાસ કરતા રાજકીય ધમાસાણ મચી ગયું છે. રૂપિયા ૨૦૦૦ની ચલણી નોટો બંધ કરવાના સરકારના નિર્ણય અંગે કોંગ્રેસ તરફથી આકરી પ્રતિક્રિયા આવી છે. કોંગ્રેસના નેતા અને પ્રવકતા જયરામ રમેશે સોશિયલ મીડિયા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે આકરી પ્રતિક્રિયા આપી છે.

તેમણે કહ્યું કે આપણા સ્વયંભૂ વિશ્વગુરુની આ વિશેષતા છે. પહેલા એક્ટ કરે છે, પછી વિચારે છે. જયરામ રમેશે લખ્યું કે ૮મી નવેમ્બર, ૨૦૧૮ના રોજ આ વિનાશકારી તઘલકી ફરમાન બાદ એટલી અંધાધૂંધી વચ્ચે રજૂ કરવામાં આવેલી રૂપિયા ૨૦૦૦ની નોટ હવે પાછી ખેંચવામાં આવી રહી છે. આમ આદમી પાર્ટીએ પણ સરકાર પર જોરદાર હુમલો કર્યો છે. પક્ષના નેતા સૌરભ ભારદ્વાજે કહ્યું કે વર્ષ ૨૦૧૬માં નોટબંધી બાદ લોકોની નોકરી ગઈ, જીવ ગયા અને અર્થતંત્રને નુકસાન થયું. સરકારે જે વર્ષ ૨૦૧૬માં દાવો કર્યો હતો કે કાળુ નાણું અને ભ્રષ્ટાચાર ખતમ થશે, પરંતુ એવું કંઈ જ થયું નહીં

કેન્દ્ર સરકારે વટહુકમ બહાર પાડીને સુપ્રિમ કોર્ટનાં નિર્ણયને પલટાવી નાખ્યો : કેજરીવાલની સત્તા પર કાપ

કેન્દ્ર સરકારે અધિકારીઓની ટ્રાન્સફર - પોસ્ટીંગનાં અધિકાર વટહુકમ બહાર પાડીને ઉપરાજયપાલને આપી દીધા

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૦

સુપ્રીમ કોર્ટે તા.૧૧ મેના રોજ આદેશ આપ્યો હતો કે અધિકારીઓની બદલી અને પોસ્ટિંગની સત્તા દિલ્હી સરકાર પાસે રહેશે. પરંતુ કેન્દ્ર સરકારે વટહુકમદ્વારા સુપ્રિમ કોર્ટના આ નિર્ણયને પલટી નાખ્યોછે. કેન્દ્ર સરકારેશુક્રવારેદિલ્હી સરકારની સત્તા અંગે વટહુકમબહાર પાડયો છે. વટહુકમ અનુસાર, દિલ્હીમાં અધિકારીઓની ટ્રાન્સફર અને પોસ્ટિંગ પર અંતિમનિર્ણય ઉપ-રાજયપાલનો રહેશે. જેમાં મુખ્યમંત્રીનો કોઈ અધિકાર નહીં હોય. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટે ૧૧ મેના રોજ આદેશ આપ્યો હતો કે અધિકારીઓની બદલી અને પોસ્ટિંગની સત્તા દિલ્હી સરકાર પાસે રહેશે. હવે કેન્દ્રએ વટહુકમ દ્વારા કોર્ટના નિર્ણયને પલટી નાખ્યો છે. હવે ૬ મહિનાની અંદર તેને લગતો કાયદો પણ સંસદમાં બનાવવામાં આવશે. આતરફ આ કેસમાંઆપએ કહ્યુંહતું કે કેન્દ્રનો આ વટહુકમ સુપ્રીમ કોર્ટના આદેશનું અપમાન છે. કેજરીવાલ સરકારની સત્તા ઘટાડવા માટે આ વટહુકમ લાવવામાં આવ્યો છે. વટહુકમ મુજબ દિલ્હીમાં અધિકારીઓની બદલી અને પોસ્ટિંગ માટે નેશનલ કેપિટલ સિવિલ સર્વિસ ઓથોરિટીની રચના કરવામાં આવી છે, જેમાં ત્રણ સભ્યો મુખ્યમંત્રી કેજરીવાલ, દિલ્હીના મુખ્ય સચિવ અને મુખ્ય ગૃહ સચિવ હશે. આ સમિતિ બહુમતીથી નિર્ણય લેશે. હવે સીએમ કેજરીવાલ એકલા કોઈ નિર્ણય લઈ શકશે નહીં. જો સમિતિના નિર્ણયમાં કોઈ વિવાદ હશે તોઉપ-રાજ્યપાલના અંતિમ નિર્ણય પર વિચાર કરવામાં આવશે.

જાપાનમા જી-૭ સંમેલનમાં મોદી - બાઈડન વચ્ચે ઉષ્માભરી મુલાકાત

જાપાનનાં વડાપ્રધાન સાથે પણ મુલાકાત કરી : દ્વિપક્ષી મંત્રણા : હિરોશીમામાં વડાપ્રધાન મોદીએ મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યુ

ટોકીયો તા. ૨૦

જાપાનમાં યોજાઈ રહેલ G7બેઠક દરમ્યાન આજે એક મહત્વનાં ઘટનાક્રમમાં વડાપ્રધાન મોદી અને અમેરીકાનાં રાષ્ટ્રપતિ જો બાઈડન વચ્ચે ભારે ઉષ્માભરી મુલાકાત થઈ હતી. બાઈડન સામે ચાલીને મોદીને મળવા ગયા હતા અને ભારત - અમેરીકાનાં સંબંધ અત્યંત મજબુત હોવાનો વિશ્વને સંદેશ આપ્યો હતો.

વડાપ્રધાન મોદીએ જાપાનના વડાપ્રધાન ફુમિયો કિશિદા સાથે મુલાકાત કરી હતી. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાતચીત પણ થઈ હતી. G7 બેઠકમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનના હિરોશિમા શહેર પહોંચી ગયા છે. તેઓ આજે જાપાનના વડાપ્રધાન ફ્યુમિયો કિશિદાને મળ્યા હતા. બંને નેતાઓ વચ્ચે ભારત-જાપાન સંબંધો પર ચર્ચા થઈ હતી.

વડાપ્રધાન મોદીએ હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

આ મીટિંગ અંગે પીએમ મોદીએ કહ્યું કે જાપાનના પીએમ ફુમિયો કિશિદા સાથે તેમની સારી વાતચીત થઈ.

અમે ભારત-જાપાન સંબંધોની સમીક્ષા કરી અને ભારતના G7 પ્રેસિડન્સી અને જાપાનના G7 પ્રેસિડન્સીના ફોક્સ વિસ્તારોની પણ ચર્ચા કરી.

વડાપ્રધાન મોદી આજે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થશે. રશિયા-યુક્રેન યુદ્ધ અંગે અત્યાર સુધી ભારતનું વલણ તટસ્થ રહ્યું છે. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સંસ્થાઓના વિવિધ મંચો પર કહ્યું છે કે યુદ્ધ કોઈ સમસ્યાનો ઉકેલ નથી.

કર્ણાટકમાં મુખ્યમંત્રી પદે સિધ્ધારમૈયાની શપથવિધિ વિપક્ષનું જોરદાર શકિત પ્રદર્શન

બેંગ્લોર તા. ૨૦

કર્ણાટકમાં આજે કોંગ્રેસ શાસિત સિધ્ધારમૈયા સરકારની શપથવિધિ થઈ છે. સિધ્ધારમૈયા ઉપરાંતનાયબ મુખ્યમંત્રી પદે ડી. કે. શિવકુમાર તેમજ અન્ય ૮ મંત્રીઓની શપથવિધિ થઈ છે. કર્ણાટકમાં કોંગ્રેસ શાસિત સરકારનાં શપથવિધિ સમારોહને વિપક્ષનાં શકિતપ્રદર્શનમાં ફેરવાયું હતું. આ લખાય છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ વિપક્ષનાં મોટાભાગનાં દિગ્ગજ નેતાઓ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહયા છે. જેમાં મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી, નિતિશકુમાર, શરદ પવાર, એમ. કે. સ્ટાલિન, અશોક ગેહલોત, મહેબુબા મુફતી, હેમંત સોરેન, કમલા હસન, સીતારામ યેચુરી, ફારૂક અબ્દુલ્લા સહિતનાં નેતાઓ ઉપસ્થિત રહયા છે.

જયારે મમતા બેનરજી અને અખિલેશ યાદવ, ઉધ્ધવ ઠાકરેનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા છે. જયારે આ શપથવિધિ સમારોહમાં તેલંગાણાનાં મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવ, દિલ્હીનાં અરવિંદ કેજરીવાલ અને કેરળનાં મુખ્યમંત્રી પી. વિજયનને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું તેમ છતાં એક રીતે વિપક્ષ દ્વારા પ્રચંડ શકિત પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

નાલાયક ચીન પાકિસ્તાનનાં ખોળે બેઠું : કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ બેઠકનો બહિષ્કાર કર્યો

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૦

આગામી દિવસોમાં કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ કોન્ફરન્સને લઈને ચીને ઝેર ઓક્યું છે. પાકિસ્તાન સાથેના સંયુકત નિવેદનમાં કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યાના દિવસો પછી, ચીને હવે કહ્યું છે કે તેઆવતા અઠવાડિયે જમ્મુ અને કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ પ્રવાસન કાર્યકારી જૂથની બેઠકમાં ભાગ લેશે નહીં. ચીનના વિદેશ મંત્રાલયને ટાંકીને કહ્યું કે તે 'વિવાદિત પ્રદેશ' કાશ્મીરમાં આવી બેઠકો યોજવાનો 'દ્રઢપણે વિરોધ' કરે છે.

જમ્મુ-કાશ્મીરમાં યોજાનારી જી-૨૦ બેઠકમાં ચીન ભાગ લેશે નહીં. ચીને કહ્યું છે કે તે આગામી સપ્તાહે શ્રીનગરમાં પ્રસ્તાવિત જી-૨૦ટૂરિઝમ વર્કિંગ ગ્રૂપની બેઠકમાં ભાગ લેશે નહીં. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને કહ્યું કે ચીન 'વિવાદીત વિસ્તારમાં' કોઈપણ પ્રકારની બેઠક યોજવાનો સખત વિરોધ કરે છે. ચીન પાકિસ્તાનનું નજીકનું સાથી છે.

ભારત ૨૨ થી ૨૪ મેદરમ્યિાન શ્રીનગરમાં જી-૨૦ ટુરિઝમ વર્કિંગ ગ્રુપની યજમાની કરશે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે કહ્યું કે શ્રીનગરમાં જી-૨૦ બેઠક જમ્મુ અને કાશ્મીર માટે તેની સાચી ક્ષમતા બતાવવાની એક શ્રેષ્ઠ તક છે.

તેમણે કહ્યું કે શ્રીનગરમાં આ કાર્યક્રમ દેશ અને દુનિયાને સકારાત્મક સંદેશ આપશે.

ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા વાંગ વેનબિને મીડિયા બ્રીફિંગ દરમિયાન એક પ્રશ્નના જવાબમાં કહ્યું, 'ચીન વિવાદિત પ્રદેશ પર કોઈપણ પ્રકારની જી-૨૦ બેઠક યોજવાનો સખત વિરોધ કરે છે. અમે આવી બેઠકોમાં ભાગ લઈશું નહીં.' પાકિસ્તાન અને ચીન આ પહેલા પણ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને લઈને નિવેદન આપી ચુકયા છે. આ બંને દેશોના નિવેદનોને ભારતે ફગાવી દીધા છે.

સ્ટાફ જોઈએ છે અનુભવી / વિન અનુભવી
SWARAJ
સેલ્સમેન ● હેડ મેકેનીક ● હેલ્પર
જુનાગઢ, વિસાવદર, ભેસાણ, મેંદરડા
અનુભવીને પ્રથમ અગ્રતા આપવામાં આવશે.
મો. ૭૮૭૪૪ ૪૭૨૭૪
શ્રી યમુના ટ્રેકટર્સ
લક્ષ્મી પેટ્રોલ પંપની સામે, સરગવાડા બસ સ્ટેશનની બાજુમાં, રાજકોટ રોડ, જુનાગઢ.

ફલેટ વેચવાનો છે
જૂનાગઢમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં ગાયત્રી સ્કુલની બાજુમાં બીજા માળે, 2BHK ફલેટ કસમાં વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે
:: સંપર્ક ::
૯૯૨૫૭ ૫૫૦૦૮

મકાન વેચવાનું છે
જૂનાગઢના ભરચક વિસ્તાર દાણાપીઠમાં વાદી ખડકીમાં ૧૧૦ વારનું, ત્રણ માળનું, ૯ રૂમ વાળુ, તમામ ફેસેલીટી વાળુ, તદ્દન વ્યાજબી ભાવમાં વેચવાનું છે.
મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨, ૭૯૮૪૮ ૦૫૭૯૧

ઓફિસ વેચાણ / ભાડે / લીઝથી
ફુલ આધુનિક ફર્નિચર, CCTV કેમેરા, નવું બિલ્ડીંગ, લીફટ, રોડ ફેસિંગ, ૬૨૨ ચો.ફુટ જગ્યા, જૂનાગઢના મધ્યમાં. CA, કલાસીસ, બેંક, ફાઈનાન્સ કું., IT કંપની, ટ્રેનિંગ સેન્ટર માટે મોકાની જગ્યા ખૂબજ વ્યાજબી ભાવે તાત્કાલીક આપવાની છે.
સંપર્ક : ૯૪૨૬૧ ૬૫૨૧૫

લેવા-વેચવા
લોકેશન વાડી ભાવમાં મિલ્કતો, ફલેટ, ડુપ્લેક્ષ, જમીન, દુકાન, બંગલા વગેરે તાત્કાલીક લેવા-વેચવા માટે સંપર્ક કરો
મયંક એસ્ટેટ બ્રોકર
રસિકભાઈ પટેલ
મો. ૯૫૮૬૩ ૪૧૦૨૧
૯૪૨૭૩ ૭૭૯૧૭

ચિંતન શિબિરના પરસેપ્શન ભલે જુદા હોય પરંતુ રિઝલ્ટ મેથેમેટિક્સના દાખલા જેવું સચોટ હોય છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

રાજ્ય સરકારની ૧૦મી ચિંતન શિબિરનો એકતાનગર-સ્ટેચ્યુ ઓફ યુનિટીથી પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : ૧૯ થી ૨૧ મે, ત્રિદિવસીય ચિંતન શિબિર દરમ્યાન આરોગ્ય અને પોષણ-શિક્ષણમાં ગુણાત્મક સુધારા-સરકારી કર્મચારીઓ માટે ટ્રેનિંગ એન્ડ કેપેસિટી બિલ્ડિંગ-ગ્રામીણ વિસ્તારોમાં માળખાકીય અને ક્ષમતા-નિર્માણ તથા શહેરીકરણ અને માળખાગત વિકાસના બહુવિધ વિષયો ઉપર જૂથચર્ચા-વિચારમંથન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૦મી ચિંતન શિબિરનો એકતાનગરથી પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, 'મેં નહીં હમ'ના ભાવ સાથે યોજાતી ચિંતન શિબીરો ગવર્નન્સમાં મોટા ચેન્જ લાવવાનું સક્ષમ માધ્યમ બની છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ચિંતન શિબિર માટેના પરસેપ્શન ભલે જુદા હોય પરંતુ રીઝલ્ટ મેથેમેટિક્સ-ગણિતના દાખલા જેવું એક અને સચોટ હોયછે, જેમાં સરવાળાનો જવાબ એક જ આવે છે. આવી ચિંતન શિબિરમાંઆપણા સૌના મંથનની દિશા એક હોય ત્યારે 'સૌના સાથ, સૌના વિકાસ'ની ભાવના અવશ્ય ચરિતાર્થ થાય જ, એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ શિબિરના પ્રારંભે પ્રસ્તુત થયેલા મનુષ્ય ગૌરવ ગાન, મનુષ્ય તું બડા મહાન મહાન હૈનો ભાવ આગવી શૈલીથી વર્ણતા જણાવ્યું કે, જો માનવીમાં કંઈક કરવાનો ભાવ હોય, 'મારે પણ કઈ સારૂ કરવું છે' તેવી ખેવના હોય તો અવશ્ય પરિણામ મળે જ છે. તેમણે આ અંગે રામસેતુ નિર્માણમાં નાનકડી ખિસકોલીના અને જંગલમાં લાગેલી આગ બુજાવવા ચાંચમાં પાણી લઈને જતી ચકલીના યોગદાનના ભાવનાત્મક દ્રષ્ટાંતો આપ્યા હતાં. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કહ્યું કે, વિકાસ માટેની પ્રતિબદ્ધતા, સામાન્ય માનવીના સુખ-સુવિધા માટેનો ભાવ દરેક વ્યક્તિમાં પડેલો જ હોય છે. આવી ચિંતન શિબિરની ચર્ચા-મંથન તેનેબહાર લાવવાનું કામ કરે છે. તેમણે એવી ટકોર પણ કરી કે, આવી ચર્ચાઓ વખતે મુકત મને વિચારની અભિવ્યક્તિ થાય તે પણ જરૂરી છે. અન્યથા યોજનાઓ, વિકાસ કામોની ફિલ્ડમાં સાર્થકતા યોગ્ય રીતે નહીં થઈ શકે. મુખ્યમંત્રીએ દેશ અને દુનિયામાં ગુજરાતના વિકાસની નવી ઊંચાઈ વડાપ્રધાન નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પ્રસ્થાપિત થઈ છે તેના પાયામાં વિકાસની રાજનીતિ અને ચિંતન શિબિરના સામૂહિક વિચાર ચિંતનરહેલા છે તેવો સૂર પણ વ્યક્ત કર્યો હતો. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી શાસનમાં આવ્યા એ પહેલાં રાજનીતિમાં વિકાસ શબ્દને કોઈ સ્થાન ન હતું. હવે વડાપ્રધાનને પરિણામે વિકાસની રાજનીતિ વિકસી છે, વિકાસના આધારે જનાધાર-જનમત ઘડાઈ રહ્યા છે. અલગ અલગ રાજયો વચ્ચે વિકાસ બાબતે કમ્પેરીઝન અને હેલ્ધી કોમ્પિટિશન થઈ રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાત વિકાસના મોટાભાગના માનાંકોમાં અગ્રેસર છે, ગુજરાતે દરેકક્ષેત્રે લીડ લીધી છે. આપણી પાસે સંસાધનોની કોઈ કમી નથી ત્યારે એક પણ વ્યક્તિ લાભથી વંચિત ન રહે તે જોવા તેમણે અનુરોધ કર્યો હતો. ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, સરદાર પટેલે આઝાદી બાદ ભારતનેએક કર્યો, તેને શ્રેષ્ઠ બનાવવાનું કામ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરી રહ્યા છે. આ એક ભારત શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાકાર કરવા દેશના રાજયો વચ્ચે તેમની સારી બાબતોનું પરસ્પર આદાન પ્રદાન થાય તેવી વ્યવસ્થા તેમણે ઉભી કરી છે. સૌરાષ્ટ્ર તામીલ સંગમ અને માધવપુર ઘેડનો મેળો તેના ઉત્તમ ઉદાહરણો છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આના પરિણામે ગુજરાત અને અન્ય રાજ્યો વચ્ચે સાંસ્કૃતિક બાબતો અનેવેપારવણજ વિકસ્યા છે. જે સારૂ છે તેનો લાભ સૌને મળે, આમ સરવાળે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' બને તેવી વડાપ્રધાનની નેમ છે, તેમ તેમેણે ઉમેર્યું હતું. નાણામંત્રી કનુભાઈ દેસાઈએઆ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસપથ ઉપર ગુજરાત સતત આગળ વધી રહ્યુ છે. આજે ગુજરાતની આ વિકાસયાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ હરણફાળ ભરી રહી છે. નાણાં મંત્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વહીવટના દરેક તબક્કે ફરજ બજાવતા અધિકારીઓ અને ચૂંટાયેલી પાંખને સાથે રાખી સરકારના વિઝન અને મિશનને ઓપ આપવા ચિંતન શિબિર નામનું પ્લેટફોર્મ ઉભું કર્યું હતું. જે આજે ગુજરાતમાં જ નહિ, રાષ્ટ્રિય કક્ષાએ અને અનેક રાજયોમાં પણ વિસ્તર્યું છે. મંત્રીઓ અને અધિકારી-કર્મચારીઓ રાજયના વહીવટ સાથે સંકળાયેલ સેવા સમર્પિત કર્મયોગીઓ છે તેમ જણાવતા નાણામંત્રીએ ઉમેર્યું કે, નાગરિકોની આશા, આકાંક્ષાઓ અનેઅપેક્ષાઓ સમજીનેયોજના બનાવવી અને બનેલી યોજનાના લાભો છેક છેવાડાના લાભાર્થી સુધી પહોંચાડવા તે આપણી સૌની જવાબદારી છે. નીતિ આયોગ દ્વારા ગુજરાતની શ્રેષ્ઠનાણાકીય વ્યવસ્થાપનની નોંધ લેવામાં આવી છે, તે ગુજરાતીઓ માટે ગૌરવની વાત છે. "એક ભારત, શ્રેષ્ઠ ભારત" તથા "આત્મનિર્ભર ગુજરાત થકી આત્મનિર્ભર ભારત" ના સંકલ્પને સાકાર કરવા આચિંતન શિબિર ઉદ્દીપક તરીકે કામ કરશે એવો વિશ્વાસ મંત્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્ય સચિવ રાજકુમારે અગાઉ યોજાઈ ગયેલી ચિંતનશિબિરોની યાદોનેવાગોળતા જણાવ્યું હતું કે અગાઉની ચિંતન શિબિરમાં થયેલી ચર્ચાના આધારે જે ભલામણો થઈ તેના ઉપર નિર્ણય લેવાથી વહીવટમાં ઘણી ગતિ આવી છે. ચિંતન શિબિરના એજન્ડા નક્કી કરવા માટે જે મનોમંથન કરવામાં આવ્યું તેની ગુણવત્તાની પ્રશંસા કરી અને સબંધિત અધિકારીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. છેલ્લા પાંચ છ વર્ષમાં બનેલા મહત્વના પ્રસંગો ઉપર પ્રકાશ પાડતા મુખ્ય સચિવએ જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નક્કી કરાયેલા સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ હાંસલ કરવા માટે તેમજ કોન્ફરન્સ ઓફ પેરીસમાં ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જનનો લક્ષ્ય હાંસલ કરવા ભારતે લીધેલી પ્રતિજ્ઞાને સાર્થક કરવા ચિંતન શિબિરમાં સૌએ મનોમંથન કરવું પડશે. આ ઉપરાંત, ગુજરાતના બજેટમાં જણાવેલા પાંચ સ્તંભો હેઠળ નક્કી કરેલા લક્ષ્યાંકો હાંસલ કરવા પણ ચિંતન કરવું પડશે. તેમણે ઉમેર્યું હતું કે ગુજરાતમાં સંસાધનોની કોઈ જ ઊણપ નથી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ચિંતન શિબિરનો નિષ્કર્ષ, વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતનો ધ્યેય સાકાર કરવામાં મહત્વપૂર્ણ બનશે. અગ્ર સચિવ મોહમંદ શાહિદે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, વહીવટમાં સરળીકરણ, ગતિશીલતા અને જનહિતલક્ષી સુશાસન માટે ચિંતન શિબિર ઉપયોગી બનશે. નરેન્દ્રભાઈ મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં પ્રારંભ કરેલી ચિંતન શિબિરની આગવી પ્રણાલી આજે પણ જીવંત રહી છે એમ જણાવી તેમણે ત્રિ-દિવસીય શિબિરની રૂપરેખા આપી હતી. સ્ટેચ્યુઓફ યુનિટીના સાંનિધ્યમાં યોજાઈ રહેલી આ ચિંતન શિબિરમાં રાજય મંત્રીમંડળના મંત્રીઓ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્યમંત્રીના સલાહકારો સહિત વરિષ્ઠ સચિવો, સનદી અધિકારીઓ મળીને ૨૩૦ જેટલા લોકો સહભાગી થઈ રહ્યા છે.

રેવા તટે ગોરા ઘાટ ખાતે મા નર્મદા મૈયાની આરતીમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૨૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં તા.૧૯ થી ૨૧ મે દરમિયાન નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે રાજય સરકારની ૧૦મી ચિંતન શિબિર યોજાઈ રહી છે. આ શિબિર ના પ્રથમ દિવસને અંતે સંધ્યા કાળે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત રાજય મંત્રીમંડળના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, સનદી અધિકારીઓ રેવા તટે ગોરા ઘાટ ખાતે મા નર્મદા મૈયાની આરતીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ શંખનાદ, ડમરૂ, દીવડાઓની જ્યોત, દીપ, ગૂગળ ધૂપ સાથેના ભક્તિપૂર્ણ માહોલમાં આરતી કરવા સાથે ગુજરાતના ઉત્તરોત્તર વિકાસ અને ગુજરાતીઓની સુખાકારીની ભાવપૂર્વક કામના કરી હતી. ભૂદેવો દ્વારા મંત્રોચ્ચાર અને નર્મદાષ્ટકના સુમધુર શ્લોકગાન વચ્ચેમુખ્યમંત્રીએ નર્મદા મૈયાની પૂજા-અર્ચના કરી હતી. આ વેળાએ નર્મદા નદીમાં વિશેષ તૈયાર કરાયેલા શિવ તાંડવસ્ત્રોત અનેલાઈટસાઉન્ડ શોનિહાળીને સૌએ ધન્યતા અનુભવી હતી. આમ, પ્રથમ દિવસની ચિંતન શિબિરના વિવિધ કાર્યક્રમો બાદ સંધ્યાટાણે મુખ્યમંત્રી સહિત ટીમ ગુજરાતએ ગોરા ઘાટ ખાતે યોજાતી નર્મદા મૈયાની દૈનિક આરતીનો આસ્થાપૂર્વક ધર્મલાભ મેળવ્યો હતો.

માંગરોળ સબ જેલ ખાતે ઈન્ટીગ્રેટડે વેલનેશ કેમ્પ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૨૦

તાજેતરમાં તારીખ ૧૯-૫-૨૦૨૩ ને શુક્રવારના રોજ તાલુકા હેલ્થ ઓફિસર અને અધિક્ષક રેફરલ હોસ્પિટલ અનેસામૂહિક આરોગ્યકેન્દ્ર માંગરોળઆરોગ્ય વિભાગના માર્ગદર્શન મુજબ ઈન્ટીગ્રેટેડ વેલનેશ કેમ્પનું માંગરોળ સબ જેલ ખાતે સફળ આયોજન કરાયું હતું. જેમાં **HIV &TB & HBSAG & HCV & VDRL** જેવી બીમારી વિશે માહિતગાર કરેલ હતા. તેમજ ૩૫ લોકોનું તપાસ માટે સેમ્પલ લીધેલ હતા. આ કેમ્પમાં માંગરોળ તાલુકા આરોગ્ય અધિકારી ડો. ડાભી, સરકારી હોસ્પિટલના આઈસીસી સ્ટાફ પ્રતાપસિંહ પરમાર અને લેબટેક કરીમખાન પઠાણ આ ઉપરાંત ટીબી વિભાગના હેલ્થ વિજીટર વિવેકભાઈ દ્વારા વિવિધ બીમારીઓ વિશે જેલના બંદીવાન ભાઈઓને માર્ગદર્શન આપ્યું હતું તથા માંગરોળ સબ જેલ સ્ટાફ શ્રી મેવાડા, નાંદનીયાભાઈ, કરશનભાઈ અને અન્ય સ્ટાફ પણ હજાર હતા. આ કેમ્પમાં જેલ અધિકારી અને કર્મચારી સ્ટાફ તરફથી સારો સપોર્ટ મળેલ હતો.

આર.ટી.ઓ. દ્વારા ભાદર નદી ખાતે રેડ પાડી ઓવરલોડ અને ટેક્સ ભર્યા વગરના વાહનો ઝડપી પડાયા

(પ્રતિનિધિ દ્વારા)
રાજકોટ તા.૨૦

આર.ટી.ઓ. રાજકોટ દ્વારા અધિકારી કે.એમ.ખપેડના માર્ગદર્શન હેઠળ શહેર અને જિલ્લામાં વાહન ચેકીંગ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જેમાં ઓવરલોડ, રોન્ગ સાઈડ ડ્રાઈવિંગ, લાઈસન્સ, આર.ટી.ઓ. પાસિંગ, ટેક્સ સહિતની બાબતો અંગે ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. વહેલી સવારે આર.ટી.ઓ. ટીમ દ્વારા ભલગામડા પાસે ભાદર નદી ખાતે રેડ પાડવામાં આવી હતી. આર.ટી.ઓ. અધિકારીના જણાવ્યા મુજબ આ રેડમાં કુલ ૧૯ વાહનોની તલાશ કરવામાં આવી હતી. જેમાં ૩ ઓવરલોડેડ વાહનો પકડવામાં આવ્યા હતાં, જયારે આર.ટી.ઓ. ટેક્સ ન ભરેલા ૪ વાહનો મળી આવેલ છે. રેડ દરમ્યાન કેટલાક વાહનોના ડ્રાઈવર નાસી જતા સ્થળ ઉપર વાહનો બિનવારસી હાલતમાં મળેલ હતાં. આ વાહનોના માલિકો અંગે વિગતો મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું આર.ટી.ઓ. અધિકારીએ જણાવ્યું છે.

દ્વારકામાં ફરજ ઉપર રહેલા પોલીસ કર્મીની ફરજમાં રૂકાવટ સબબ મહિલા સામે ગુનો દાખલ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જામ ખંભાળિયા તા.૨૦

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજ રોજ દ્વારકા પંથકમાં આવનાર હોય, આ અંગે સુરક્ષા વ્યવસ્થામાં રહેલા એક એએસઆઈ એલ.કે. કાગડિયા સાથેબોલાચાલી કરી, બિભત્સ ગાળો કાઢતા ઓખાના મહિલા સામે ફરજમાં રૂકાવટ સબબનો ગુનો નોંધાયો છે. રૂખડબાઈ વિઘાભા માણેક નામના ૫૭ વર્ષના આધેડ મહિલા દ્વારા પોલીસકામગીરીનોવિરોધ કરવામાં આવ્યો હતો અને તેણીએ રિક્ષામાંથી નીચે ઉતરી અને પોતે જે રિક્ષામાં બેઠેલ હોય તે રીક્ષાને પસાર થવા દેવા માટે પોલીસ કર્મી સાથે ઝઘડો કરી, તેમને બિભત્સ ગાળો કાઢી હતી. આટલુંજ નહીં, આરોપી મહિલા દ્વારા પોલીસને થપ્પડ પણ મારી દેતા તેમને મૂઢ ઈજાઓ થવા પામી હોવાનું પણ પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગેદ્વારકા પોલીસે રૂખડબાઈ માણેક સામે આઈ.પી.સી. કલમ ૩૩૨, તથા ૫૦૬ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી કરી હતી.

માણાવદરમાં શ્રી રામદેવજી મહારાજનાં પાઠ તથા ધૂન-ભજન

(પ્રતિનિધિ દ્વારા) માણાવદર તા.૨૦

માણાવદરમાં બાંટવા રોડ ઉપર આવેલા શ્રી વાછરા ડાડાના મંદિરે તારીખ ૨૧-૫-૨૩ને રવિવારના રોજ શ્રી રામદેવજી મહારાજનાં પાઠ તેમજ કેશોદ ગામની પ્રખ્યાત વછરાજ ધૂન મંડળનો કાર્યક્રમ તથા બટુક ભોજનનો કાર્યક્રમ રાખેલ છે. બટુક ભોજ ૫ થી ૭ કલાકે અને ધુન રાત્રે ૯:૩૦ કલાકે યોજાશે. તો પધારવા સૌને હાર્દિક નિમંત્રણ પાઠવેલ છે.

માણાવદરના ન્યૂઝપેપર એજન્ટનો આજે જન્મદિવસ

(પ્રતિનિધિ દ્વારા)
માણાવદર તા.૨૦

માણાવદરના પ્રમાણિક એવા વિજયભાઈ રૂપારેલીયાએ ઘણા વર્ષો સુધી ન્યૂઝ પેપર એજન્ટનું કામ કર્યું છે. તેમજ સાંજનું અગ્રણી અખબાર સૌરાષ્ટ્ર ભૂમી સાથે ઘણા વર્ષોથી જોડાયેલા છે. તેમજ વિજયભાઈએ ગમેતેવા આકરા સમયમાં પણ પોતે જાતે માણાવદરની જનતાને ન્યૂઝ પેપર ઘર-ઘર સુધી પહોંચાડેલ છે. વિજયભાઈનો આજ તારીખ ૨૦/૦૫ના રોજ જન્મદિવસ હોવાથી લોકોતેમના મોબાઈલ નં. ૯૪૨૭૪૧૧૬૪૭ ઉપર ફોનકોલ અને સોશ્યલ મીડીયા ઉપર શુભેકછાઓ પાઠવી રહ્યા છે.

:: અવસાન નોંધ/બેસણું ::

અમારા પિતા શ્રી હરિભાઈ ગાંગજીભાઈ પટેલ (ચંદન ઈલેકટ્રીક સ્ટોર) ટ્રસ્ટીશ્રી (સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ) ટ્રસ્ટીશ્રી જૂનાગઢ જુનિયર ચેમ્બર એજયુકેશન ટ્રસ્ટ) તા. ૧૭-૦૫-૨૦૨૩ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્ગતનું બેસણું તા. ૨૦-૫-૨૦૨૩ શનિવાર સાંજે ૫ થી ૬ સ્થળ : અશોકનગર કોમ્યુનીટી હોલ, બસસ્ટેશન સામે, જૂનાગઢ ખાતે રાખેલ છે.

લી. ગં.સ્વ. શાંતાબેન હરિભાઈ પટેલ
રાજેશ હરિભાઈ પટેલ
ધ્વનિ રાજેશ પટેલ
વરદ રાજેશ પટેલ
વારાહી રાજેશ પટેલનાં જયશ્રી કૃષ્ણ
નોંધ : લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

બ્લોક વેચવાનો છે
જૂનાગઢમાં સેજના ઓટા પાસે આવેલ આસોપાલવ એપાર્ટમેન્ટમાં બ્લોક નં. ૩૦૨, ત્રીજા માળે, 2BHK રોડ સાઈડનો, નવું બાંધકામ સાથે લીફટની સુવિધા સાથે બ્લોક વેંચવાનો છે
: કોન્ટેકટ : ૯૮૨૫૩ ૧૬૪૩૦

ફલેટ વેંચવાનો છે
જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફલેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે
મો.૯૮૨૪૫૯૨૫૫૯

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
• સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
• જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
• આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
• પાણીપુરી • ભેળ • સમોસા રગડો
• મસાલાપુરી • દાબેલી • રગડા પેટીસ
• દહીપુરી • દિલ્હી ચાટ • બાસ્કેટ ચાટ
• સેવપુરી • લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોટા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

નાગર આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી
સન્ડે આઈસ્ક્રીમ
ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વંદના બેકરી
તળાવ દરવાજા રોડ
સ્પે. પાઉ
સ્પે. બ્રેડ
સ્પે. નાનરોટી
રોજે રોજની તાજી મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
નારાયણ બેકરી
સુખનાથ ચોક
જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્ય થયું જી૨૦ પ્રતિનિધી મંડળ

મંદિરની ભવ્યતા, દિવ્યતાની અલૌકિક અનુભૂતિ કરી મંત્રમુગ્ધ થયા દેશ-પરદેશના મહેમાનો

વેરાવળ, તા.૨૦

ભારતની જી૨૦ અધ્યક્ષતા હેઠળ દિવમાં તા.૧૮-૧૯ મે ૨૦૨૩ દરમ્યાન જી-૨૦ અંતર્ગત સાયન્સ-૨૦ મિટિંગનું આયોજન કરાયુ છે. આ તકે જી૨૦ સમિટ પ્રતિનિધિ મંડળના દેશ-પરદેશના મહેમાનોએ પ્રભાસતીર્થની મુલાકાત લઈ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિરની ભવ્યતા, દિવ્યતા અને વ્યવસ્થાનો ઉત્તમ અનુભવ કરી તમામ મહેમાનો મંત્રમુગ્ધ થયા હતાં. સૌ પ્રથમ ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વાગત કક્ષ ખાતે અતિથિ દેવો ભવઃની પરંપરા પ્રમાણે ઢોલ-શરણાઈથી ડેલિગેટ્સનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન પ્રતિનિધિ મંડળે ભારતીય સંસ્કૃતિની છબિ ઉજાગર કરતા ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલૈયાઓનો દાંડિયારાસ પણ નિહાળ્યો હતો. જે પછી પ્રતિનિધી મંડળના તમામ સભ્યોએ ઈલેક્ટ્રિક ગોલ્ફકાર્ટ દ્વારા મંદિરમાં લઈ જતા સમયે દિગ્વિજય દ્વાર પાસે સોમનાથ, સિંહ અને જી૨૦નું સાયુજ્ય ધરાવતી રંગોળી નિહાળી મંદિરમાં પ્રવેશ કર્યો હતો. મંદિર પ્રવેશ દરમ્યાન ભૂદેવોએ પ્રત્યેક સભ્યોને ભાલમાં ચંદનનો લેપ-તિલક કરી આવકાર્યા હતાં. જે પછી તમામ સભ્યો દેવાધિદેવ મહાદેવના દર્શન કરી મંત્રમુગ્ધ થયા હતાં. મહાદેવના દર્શન બાદ 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની સાર્વત્રિક ભાઈચારાની મનોકામના સહ મહાદેવ સમીપ વિશ્વશાંતિની કામના સાથે સંકિર્તન હોલમાં પ્રતિનિધી મંડળે લઘુયજ્ઞ સંપન્ન કર્યો હતો. આ દરમિયાન તમામ મહેમાનોએ પુરાણ અને વેદના સંદર્ભે બિલિપત્ર, દુર્વા, ગૂગળ, અષ્ટગંધા, ચંદન વગેરે યજ્ઞ આહુતિના મૂળ તત્વો અને તેની ઉપયોગિતા વિશે સમજ આપતી ટૂંકી ફિલ્મ નિહાળી અને સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રસાદ કિટ ગ્રહણ કરીને ધન્યતાનો અનુભવ કર્યો હતો. જી૨૦ ઓપરેશન્સ સ્પેશ્યિલ સેક્રેટરી મુક્તેશ કુમાર પરદેશી, જોઈન્ટ સેક્રેટરી એલ રમેશ બાબુ, મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ જોઈન્ટ સેક્રેટરી ધર્મરાજુ સેન્થિલ, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી સેક્રેટરી ડો.શર્વરી ચંદ્રશેખર સહિતના ડેલિગેટ્સે જ્યોતિર્માર્ગ સહિત સમગ્ર મંદિર પરિસર નિહાળી સોમનાથ મંદિરના ઈતિહાસ વિશે તલસ્પર્શી માહિતી પણ મેળવી હતી. જિલ્લા કલેક્ટર એચ.કે.વઢવાણિયાના માર્ગદર્શન હેઠળ અધિક કલેક્ટર બી.વી.લિંબાસિયા, પ્રાંત અધિકારી કે.વી.બાટી, નાયબ કલેક્ટર ભૂમિકા વાટલિયા, સોમનાથ ટ્રસ્ટ જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત શીર્ષ અધિકારીઓએ જી૨૦ ડેલિગેટ્સની સોમનાથ મંદિર મુલાકાતનું સુચારૂ આયોજન કર્યુ હતું.

જૂનાગઢના રેલ્વે તંત્ર દ્વારા થતો અન્યાય દુર કરો : નવી ટ્રેનોની ફાળવણી કરવા માંગ

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢ તથા સોમનાથને રેલ્વે તંત્ર દ્વારા કાયમનો માટે અન્યાય થતો રહે છે તેવી વર્ષો જુની ફરીયાદ છે ત્યારે જૂનાગઢને અલગ ડીવીઝન આપવાની માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ રેલ્વેની કીમતી જગ્યામાં ડિવિઝન તથા બ્રોડગેજ વર્કશોપ બને તેમ છે. જૂનાગઢ તથા સોમનાથને ભાવનગર ડિવિઝનમાંથી બાકાત કરી જૂનાગઢને અલગ ડિવિઝન બનાવવામાં આવશે અને ત્યારે જ જૂનાગઢ તથા સોમનાથને નવી ટ્રેન મળશે તેવી લાગણી વ્યકત થઈ રહી છે. અત્યારે જેટલી પણ નવી ટ્રેન ચાલુ થાય છે તે મોટે ભાગે રાજકોટ ઓખા જામનગર ના હિસ્સે આવે છે તો શું જૂનાગઢ તથા સોમનાથ વધારાનું છે કે તેનો ઉપયોગ ખાલી ને ખાલી મત માટે જ થાય. અત્યારે રેલ્વે વિભાગ ૧૬ નવી ટ્રેન ચાલુ કરવાનું છે તેમાંથી એક પણ ટ્રેન જૂનાગઢ કે વેરાવળ (સોમનાથ) ના ભાગે નથી આવી કેમ ? અહીંયા કોઈ બહારથી આવતું નથી ! કે કોઈ જતું નથી ! રેલ્વેને શું તકલીફ છે ? તેવા સવાલો ઉઠયા છે. વેરાવળથી દેશની રાજધાની દિલ્હી માટે ટ્રેનની વર્ષો જૂની માંગણી છે. જૂનાગઢના કહેવાતા નેતાઓને કઈ પડી જ નથી. જૂનાગઢ રેલ્વેપાસે સ્ટેશન નજીક કિંમતી જગ્યા પડેલ છે શું તેનો ઉપયોગ ના થઈ શકે ?. બ્રોડગેજ આવ્યા બાદ જાણે ઊંધું થયું હોય તેમ મીટરગેજ વર્ક શોપ હતું તે તો બંધ થયું પણ ટ્રેન પણ ઓછી થઈ ગઈ. હવે જો જૂનાગઢના નેતાઓને થોડી પણ આ શહેર માટે લાગણી હોય તો અવાજ ઉપાડો અને ૧૬ જેટલી ટ્રેનમાંથી ૨-૪ ટ્રેન લઈ આવો. બાકી ડિવિઝનના બાબુઓને તો બિલકુલ રસ નથી કે જૂનાગઢ કે વેરાવળ માટે કોઈ ટ્રેન ફાળવે કે અવાજ ઉપાડે. તેવી વ્યથા જાગૃત લોકોએ વ્યકત કરી છે.

ગીર સોમનાથ દરીયાઈ માછીમારોને ૬૧ દિવસનું વેકેશન

તા.૧ જુનથી ૩૧ જુલાઈ સુધી દરીયામાં માછીમારી ઉપર પ્રતિબંધ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૦

પ્રતિ વર્ષ ચોમાસા પહેલા સૌરાષ્ટ્રના તમામ દરીયામાં મોટા વહાણોથી અને દરીયામાં માછીમારી પ્રતિબંધનું પરીપત્ર બહાર પડવામાં આવે છે જેમાં તા.૧ જુનથી ૩૧ જુલાઈ કુલ ૬૧ દિવસ દરીયામાં માછીમારી નહીં કરી શકાય અને પરીપત્રના હુકમનો ભંગ કરનાર સામે દંડ સહિતના કાયદેસર પગલા લેવામાં આવશે. ૧ જુન સુધીમાં દરીયાની તમામ મોટી બોટો કેનથી કાંઠે ચડી જશે અને ૬૧ દિવસના આ વેકેશનમાં માછીમાર સમાજ-સાગર ખેડૂ સમાજ લગ્નોત્સવ, નવી બોટો બાંધવી કે રીપેરીંગ કે રીનોવેશન કરાવી, કોઈયાત્રા, પ્રવાસ કરવા જાય છે.

ફીસરીઝ વિભાગ તરફથી પણ ૧ જુથી ૩૧ જુલાઈ સુધી દરીયામાં બોટ લઈ જવા માટે ટોકન અપાતા નથી. બોટ એસોસીએશન પ્રમુખ તુલસીભાઈ ગોહેલે જણાવ્યું કે, વેરાવળ ખાતે ૪૩૦૦૦ જેટલી નાની મોટી બોટ છે, તાજેતરમાં બોટ માટેના નવા જે નિયમો બહાર પડાયા છે તે નિયમો સાગર ખેડુ સમાજનો મુશ્કેલ ભર્યા થઈ પડેલ છે જેનું ન્યાયી નિરાકરણ કરવું જરૂરી છે. આમ ૧ જુનથી સમગ્ર ગીર સોમનાથ જીલ્લાનો દરીયો અને બંદરો માછીમારી પ્રવૃતિ અને તેને આનુસંગીક વ્યવસાયોથી ધમધમતા ૬૧ દિવસ પુરતા બંધ થશે અને નાળીયરી પૂર્ણિમાએ વિધીવત દરીયાદેવની પૂજા કરી વહાણો દરીયામાં તરતા થશે.

ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન અંતર્ગત જીલ્લા કલેક્ટર એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષસ્થાને મિટિંગ યોજાઈ

જીલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન અંતર્ગત વિવિધ યોજનાઓનો લાભ આપવા વિશે થઈ ચર્ચા

વેરાવળ, તા.૨૦

ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન અંતર્ગત જિલ્લાકક્ષાએ કલેક્ટર એચ.કે.વઢવાણિયાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ઈણાજ ખાતે બાળ સ્વરાજ પોર્ટલ ઉપર એન્ટ્રી થયેલ બાળકોને દત્તક લઈ સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ આપવા બાબતની મિટિંગ યોજાઈ હતી. જેમાં જિલ્લા બાળ સુરક્ષા કચેરી ગીર સોમનાથ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશન બાબતે થયેલ કામગીરીની વિગતવાર ચર્ચા કરાઈ હતી.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશનમાં એનસીપીસીઆર દ્વારા જાહેર કરેલી કુલ ત્રણ કેટેગરીની માહિતી આપવામાં આવી હતી. જેમાં કેટેગરી-૩ અનુસાર બાળકો દિવસ દરમ્યાન શેરીઓમાં ભટકતા હોય છે અને રાત્રે ઘરે જાય છે એવા કુલ ૨૪ કુટુંબના કુલ ૫૬ બાળકો જેમાં કુલ ૩૦ છોકરાઓ અને ૨૬ છોકરીઓનો સમાવેશ થાય છે. જે પૈકી ૫ વિધવા બહેનો તેમજ એક દિવ્યાંગ બાળક છે. ઉક્ત તમામ પરિવાર વેરાવળ શહેર, બાયપાસ વિસ્તાર તેમજ ભીડિયામાં રહે છે. જેની વિગતે ચર્ચા કરાઈ હતી. આ મિટિંગમાં આવા તમામ બાળકો અને પરિવાર માટે સામૂહિક શૌચાલયની રજૂઆત, બાળકોનો આંગણવાડીમાં અભ્યાસ, આવાસ યોજનાનો લાભ, આયુષ્માન કાર્ડ, ઈશ્રમ કાર્ડ તેમજ વિવિધ યોજનાનો લાભ આપવા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. મિટિંગમાં કલેક્ટરે અંગતલક્ષ્ય રાખી બાળકો તેમજ તેમના પરિવારનું જીવનધોરણ ઉંચું આવે તેવી પરિણામલક્ષી કામગીરી કરવાની સૂચના આપવામાં આવી હતી. આ મિટિંગમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી પી.આર.પરમાર, પ્રાંત અધિકારી કે.વી.બાટી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી એચ.કે.વાજા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

બ્રહ્માકુમારીઝ સાથે ભારત સરકારના સામાજિક ન્યાય મંત્રાલયે કરેલ એમ.ઓ.યુ.

એમઓયુ મુજબ 'નશા મુક્ત ભારત અભિયાન' પ્રોજેકટનું સમગ્ર ગુજરાતમાં આયોજન

ગાંધીનગર, તા.૨૦

ભારત સરકારના સામાજિક ન્યાયઅને અધિકારીતા મંત્રાલય દ્વારા બ્રહ્માકુમારીઝ સંસ્થા અને તેના મેડિકલ પ્રભાગ સાથે યુવા, મહિલા અને વિદ્યાર્થીઓને નશા/વ્યસનથી જાગૃત કરવાના ઉદ્દેશ્યથી આગામી ત્રણ વર્ષ માટે 'નશા મુક્ત ભારત અભિયાન' માટે તા.૪ માર્ચ, ૨૦૨૩ના રોજ નવી દિલ્હીમાં રૈ કરવામાં આવેલ. જેનો 'રાષ્ટ્રીય શુભારંભ' આપણાં ગરવી ગુજરાતના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ૧૯ માર્ચ ૨૦૨૩ના રોજ બ્રહ્માકુમારીઝ મુખ્યાલય, શાંતિવન-આબુરોડ, રાજસ્થાન ખાતે કરવામાં આવેલ. વધું માહિતી આપતા મીડિયા વિંગ ના ડૉ રાજેશ ભોજક એ જણાવ્યું હતું કે , 'નો ટોબેકો ડે'- તા.૩૧ મે, ૨૦૨૩ના રોજ બ્રહ્માકુમારીઝના સેવાકેન્દ્રો દ્વારા સમગ્ર ગુજરાતમાં આ અભિયાનનો પ્રારંભ કરવામાં આવશે. જેમાં મંત્રીશ્રી/માન. સંસદ સભ્યશ્રી/ધારાસભ્યશ્રી/કોર્પોરેટર અથવા નગરપાલિકા/કોર્પોરેશન/જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ વિષય પર મુખ્ય પ્રવચન, પ્રતિજ્ઞા-સંકલ્પ, નશા ઉપર કવિતા/નાટિકાની પ્રસ્તુતિ તથા વ્યસન છોડેલ રાજયોગી ભાઈ/બહેનનો અનુભવ અને મહેમાનોના ઉદબોધન સાથે વિશેષ રાજયોગ અનુભૂતિ સૌને કરાવવામાં આવશે અને નશો/વ્યસન છોડવા માટે વિશેષ પ્રેરક બળ સર્વ નાગરિકોને પૂરું પાડવામાં આવશે. ગુજરાતના દરેક નગર અને શહેરના યુવક મંડળો અને યુવા સંસ્થાઓ, સ્કૂલ/કોલેજ/કોચિંગ કલાસીસ, રોટરી, લાયન્સ, જેસીસ જેવી સામાજીક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, ફેકટરી, ઈન્ડસ્ટ્રીઝ તથા જાહેર સંસ્થાઓ/સંગઠનો, દવાખાના/હોસ્પિટલ્સ તથા બગીચાઓમાં આ અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. નશા મુક્તિ વિષય પર સ્લોગન/નારા, શોર્ટ વીડીયો દ્વારા પણ લોકોને જાગૃત કરવામાં આવશે. વ્યસન કુંડમાં તમાકુ, ગુટકા, બીડી, સિગારેટ, દારુ, ડ્રગ્સનું દાન નગરજનો દ્વારા લેવામાં આવશે અને તેઓ તેને માટેના 'પ્રતિજ્ઞા' કરશે. શહેરના મુખ્ય સર્કલ ઉપર/મુખ્ય રોડ/બ્રીજ ઉપર 'માનવ સાંકળ' નો અભિનવ પ્રોગ્રામ સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. અત્રે ઉલ્લેખનીય એ છે કે, જે સ્થળે ભાઈ બહેનો નશા મુક્ત થવા માટે પ્રતિજ્ઞા–સંકલ્પ લેશે, તે તમામ સ્થાનો પર એક માસ બાદ 'ફોલો અપ' પ્રોગ્રામ પણ કરવામાં આવશે. તો જે ભાઈ-બહેનો, નશાથી ત્રસ્ત છે અને તેમનો પરિવાર દુઃખી-અશાંત છે. તેઓ સૌ 'નશા મુક્ત ભારત અભિયાન' અંતર્ગત સમગ્ર ગુજરાત ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા થનાર કાર્યક્રમોમાં અવશ્ય પધારે. તદઉપરાંત જેઓ આજે કોઈ પણ પ્રકારના નશાના આદી નથી તેઓને પણ નશા સામે લડવાની સાચી સમજ મેળવી ઈશ્વરીય શક્તિથી સમર્થ થવા માટે કાર્યક્રમમાં પધારવાનું હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ છે.

જૂનાગઢમાં સહજ ટુરીઝમનો આવતીકાલથી પ્રારંભ

જૂનાગઢ, તા.૨૦

જૂનાગઢમાં કુળદેવી શ્રી તુલજાભવાની માતાજી અને ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન તેમજ પૂ.માતા-પિતાના આર્શીવાદ અને વડીલો, બંધુઓના સાથ અને સહકારથી જૂનાગઢના આંગણે આવતીકાલ તા.૨૧/૫/૨૦૨૩ રવિવાર સવારે ૯થી આપના આગમન સુધી ૧૦૭ સ્ટાર પ્લેટીનમ કોમ્પલેક્ષ પહેલો માળ મધુરમ શાક માર્કેટ જૂનાગઢ ખાતે સહજ ટુરીઝમનો શુભારંભ કરવામાં આવી રહેલ છે. આ પ્રસંગે આમંત્રીત મહેમાનો, સ્નેહી મિત્રો અને શુભેચ્છકોને ખાસ ઉપસ્થિત રહેવા ડોલીબેન ભીંડી, મૌલીકભાઈ ભીંડીએ ભાવભર્યું નિમંત્રણ આપેલ છે.

આદર્શ સબંધ - સંત રાજીન્દર સિંહજી મહારાજ

દરેક મનુષ્યના જીવનમાં એક એવો સમય આવે છે જયારે તેને કોઈ એક જીવનસાથીની શોધખોળ હોય છે. જયારે તે બંને મનોમન એકબીજાને પસંદ કરી લે છે અને જો તે બંનેના વચ્ચે કોઈ આવે છે તો તેમને ક્રોધ આવી જાય છે કેમકે તેઓ પોતાના દિમાગમાં એક આદર્શ સંબંધની તસ્વીર બનાવી લે છે. પ્રેમના દરેક અનુભવમાં દિલની અનુભૂતિ સામેલ હોય છે. જયારે આપણે એમની સાથે હોઈએ જેમને આપણે પ્રેમ કરીએ છીએ તો આપણે પ્રસન્નતાનો અનુભવ કરીએ છીએ. આપણી એમની સાથે શાંતિ, સંતુષ્ટી અને પરિપૂર્ણતાની ભાવના મહેસુસ કરીએ છીએ.સંત મતની શિક્ષા અનુસાર વિવાહ બંધન આધ્યાત્મિક માર્ગ ઉપર અડચણ માનવામાં આવતી નથી. આમાં વિવાહિત જોડાને જીવનમાં પ્રેમની ભૂમિકા સમજવી જોઈએ. જો તેઓ પ્રભુની તરફ જવા વાળી યાત્રામાં પ્રગતિ કરવા ઈચ્છે છે તો તેમણે એકબીજાની સહાયતા કરવી જોઈએ. પ્રેમ એકબીજાની આંખોમાં જોવું નહીં પરંતુ એક જ દિશામાં જોવાનું નામ છે અને પછી સંત મહાપુરૂષ આમાં આધ્યાત્મિક નજરીયા ને જોડી દે છે અને તે છે "પ્રભુ". જો બંને મળીને આધ્યાત્મિક ધ્યેયની તરફ દ્રષ્ટિ રાખે તો ભૌતિક પ્રેમથી અનેક ગણો વધારે પ્રેમ એકબીજા માટે મેળવશે. તેઓ અનુભવ કરશે કે બંને જ પ્રભુ પ્રેમમાં પરિપૂર્ણ થઈ ગયા છે અને પ્રભુના નામ અથવા શબ્દના સાથે જોડાવાથી તેઓ રુહાની આનંદની મજા મેળવી શકશે.

જેમ જેમ તેઓ આધ્યાત્મિક રસ્તા પર પ્રગતિ કરશે બંનેની આત્માઓ પ્રભુની જયોતિ અને શ્રુતિની ધારા સાથે મળતી જાય છે. જયાં સુધી તેઓ પ્રકૃતિમના અનંત સમુદ્ર સુધી નહીં પહોંચી જતા. જયારે બંને આત્માઓ પ્રભુના પ્રેમથી પોતપોત થશે તો બંને એક જ પ્રભુ તેમના સમુદ્રમાં તરસે. બંને એક જ પરમ સુખ, હર્ષ , એક જ મિલનની તરફ વધશે. રૂહાની અનુભવ મેળવીને બંને જીવનસાથી એકબીજાની તરફ નજીક આવી જશે કેમ કે તેઓ બંને એક જેવી પસંદગી અને પ્રભુના પરમ સુખનો અનુભવ કરશે. તેઓ બંને એકબીજા સાથે એવી કોઈ અલૌકિક વસ્તુમાં પણ ભાગીદાર હશે જેના વિશે આ સંસારમાં કોઈને ખબર નહીં હોય. તેઓ એકબીજા ની સાથે એવી ઘનિષ્ઠતા રાખશે જે કોઈપણ ભૌતિક પ્રેમથી ઘણી વધારે હશે. આને જ આધ્યાત્મિકતામાં એક આદર્શ સંબંધ કહેવામાં આવ્યો છે.

ગરમીના ઉકળાટ સામે લડવું કે, તારા ઉકળાટ સામે ? એ જ નથી સમજાતું !

પેટ્રોલ-ડીઝલના વિક્રમ સર્જક ભાવ વધારાની નોંધ ગીનીઝ બુક વાળા લેશે..!

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

પહેલવાનોની લડાઈ રાજનીતિનો અખાડો બની ગઈ

ભારતીય કુસ્તી મહાસંઘના અધ્યક્ષ બ્રજભૂષણ શરણ સિંહની ધરપકડની માંગ લઈને ધરણાં પર બેઠેલા પહેલવાનોને સુપ્રીમ કોર્ટનો એ આદેશ કદાચ જ ગમ્યો હોય કે તેમની ફરિયાદ પર એફઆઈઆર તો નોંધાઈ ગઈ છે અને તેઓ ઇચ્છે તો નીચલી અદાલત કે હાઈકોર્ટજઈ શકેછે. જોકે સુપ્રીમ કોર્ટે કેસની સુનાવણી બંધ કરી દીધી, તેથી પહેલવાનોપાસે નીચલી અદાલત કે હાઈકોર્ટ જવા સિવાય બીજો કોઈ ઉપાય નથી, પરંતુ તેઓ ધરણાં પર બેસી રહેવાને લઈને અડગછે. પહેલવાન એવું કરવા માટે સ્વતંત્ર છે, પરંતુ તેમણે એની અવગણના ન કરવી જોઈએ કે તેમના ધરણાંને રાજકીય રીતે વટાવનારા વધતા જ જાય છે. કેટલાય પક્ષોના નેતા પહેલવાનોના મંચનો ઉપયોગ કરી રહ્યા છે અને તેમની સાથે સહાનુભૂતિ વ્યક્ત કરવાના બહાને મોદી સરકાર વિરૂધ્ધ રાજનીતિ કરી રહ્યા છે. કેટલાય આંદોલનજીવી પ્રકારના લોકો પણ તેમના વિરોધ પ્રદર્શનનો હિસ્સો બનીને પોતાની રાજકીય રોટલીઓ શેકી રહ્યા છે. પહેલવાનોપણ તેનાથી અજાણ નથી, પરંતુઆશ્ચર્યજનક છે કે તેઓ માત્ર એટલું જ કહી રહ્યા છે કે તેમનાઆંદોલનને રાજકીયવળાંક ન આપવામાં આવે. આખરે તેઓ જાતભાતના નેતાઓને પોતાના મંચનો ઉપયોગ કેમ કરવા દે છે? તેમના મંચનો ઉપયોગ કરનારાઓ પર કોઈ રોકટોક નથી, તેથી ખાપ પંચાયતોના નેતા અને અન્ય અંગત સ્વાર્થ ધરાવતા લોકો પણ વહેતી ગંગામાં હાથ ધોઈ લેવા તૈયાર દેખાય છે. ન્યાય માંગી રહેલા પહેલવાનોએ આ બધું રોકવું પડશે, નહિ તો તેમની લડાઈ કમજોર પડી શકે છે.

યોગ્ય એ રહેશે કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ધરણાં પર બેઠેલા પહેલવાનો નીચલી અદ્યલત અથવા ઉચ્ચ ન્યાયાલય જાય. એની સાથે જ એ પણ સમયની માંગ છે કે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ દિલ્હી પોલીસે બ્રજભૂષણ શરણ સિંહ વિરૂધ્ધ જે એફઆઈઆર નોંધી છે, તેની તપાસમાં તત્પરતાનો પરિચય આપે. આ તપાસ થતી દેખાવી પણ જોઈએ અને તેનો પ્રોગ્રેસ રિપોર્ટ પણ જાહેર કરવો જોઈએ, કારણ કે પહેલવાનોએ બ્રજભૂષણ સામે જે આરોપો લગાવ્યા છે, તે ગંભીર છે. આ આરોપોની તપાસ એ રીતે થવી જોઈએ, જેનાથી કોઈ પ્રકારની શંકા માટેઅવકાશ ન રહે. વાત માત્ર મહિલા પહેલવાનોના માન-સન્માનની જ નહીં, ખેલ સંસ્કૃતિની પણ છે. જો ખેલ સંઘોની કાર્યપ્રણાલી વિવાદોમાં ઘેરાયેલી રહેશે તો સ્વસ્થ ખેલ સંસ્કૃતિ વિકસિત નહીં થઈ શકે. એસ્વીકાર્ય નથી કેમહિલા ખેલાડીપોતાના માટે સુરિક્ષત વાતાવરણનો અભાવનો અનુભવ કરે. મહિલા ખેલાડીઓને યોગ્ય વાતાવરણ પ્રદાન કરીને જ આદર્શ ખેલસંસ્કૃતિ વિકસિત કરી શકાય છે. કેન્દ્ર સરકારે એસુનિશ્ચિત કરવું પડશે કે દિલ્હી પોલીસ પહેલવાનોની ફરિયાદોની યોગ્ય રીતે તપાસ કરે, જ્યારે ધરણાં પર બેઠેલા પહેલવાનોએ પોતાની લડાઈને સસ્તી રાજનીતિનો અખાડો બનતાં પણ રોકવો પડશે.

અદાણી સામે હિંડનબર્ગના ખુલાસા પર સેબી દ્વારા વધુ તપાસની ભલામણ

અદાણી-હિંડનબર્ગ કેસમાં તપાસ સમિતિની અદાણીને ક્લિનચિટ

નવી દિલ્હી, તા.૨૦

અદાણી-હિંડનબર્ગ કેસની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિનો રિપોર્ટ શુક્રવારે જાહેર કરાયો. ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ ના રોજ અમેરિકન શોર્ટ-સેલિંગ ફર્મ હિંડનબર્ગે અદાણી ગ્રૂપની કંપનીઓ અંગે એક અહેવાલ બહાર પાડી કંપનીના શેરોની કિંમતને ઓવરવેલ્યૂ તથા એકાઉન્ટમાં ગરબડ કરાઈ હોવાનો આરોપ મૂક્યો હતો. જોકે હિંડનબર્ગના આરોપોને અદાણી જૂથે ફગાવી દીધા હતા. પરંતુ વિપક્ષે આ મુદ્દે હોબાળો મચાવ્યો અને જ્યારે મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સુપ્રીમ કોર્ટે તપાસ માટે વિશેષ સમિતિની રચના કરી હતી. હવે આ સમિતિનો રિપોર્ટ સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી નિષ્ણાત સમિતિના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અદાણી જૂથે તમામ લાભાર્થી માલિકોનો ખુલાસો કર્યો છે. આ સાથે એવું પણ કહેવામાં આવ્યું છે કે સેબી દ્વારા એવો કોઈ આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તેઓ અદાણીના લાભાર્થી માલિકોના ઘોષણાને નકારી રહ્યાં છે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણીનો રિટેલ હિસ્સો વધ્યો છે. રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે વર્તમાન નિયમો કે કાયદાનું પ્રથમ દ્રષ્ટીએ કોઈ ઉલ્લંઘન જોવા મળ્યું નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સેબીપાસે હજુ પણ ૧૩ વિદેશી સંસ્થાઓ અને મેનેજમેન્ટ હેઠળ સંપત્તિ માટે ૪૨ યોગદાન આપનારાઓ વિશે પૂરતી માહિતી નથી. આ રિપોર્ટ સેબીને એ ચકાસવા મુક્ત કરે છે કે શું ૧૩ સંસ્થાનો જેમની તપાસ લંબિત છે તેમાં શું કોઈ અન્ય મામલો બનાવવામાં આવે? રિપોર્ટમાં ઈડીના કેસનો ઉલ્લેખ કરતી વખતે સેબીએ પ્રથમ દ્રષ્ટિએ કોઈ આરોપો લગાવ્યા નથી. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે અદાણીના શેર ભારતીય બજારોને અસ્થિર કર્યા વિના નવા ભાવે સ્થિર થયા છે. આ ઉપરાંત રિપોર્ટમાં સ્ટોકને સ્થિર કરવા માટે અદાણીના પ્રયાસોને સ્વીકારવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી વિશેષ સમિતિએ તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે તમામ તપાસ સમયમર્યાદામાં પૂર્ણ કરવાની જરૂર છે. સમિતિ હાલમાં એવું નિષ્કર્ષ આપી શકતી નથી કે ભાવમાં હેરફેરના આરોપમાં નિયામકની નિષ્ફળતા રહી છે. સમિતિએ તેના રિપોર્ટમાં કહ્યું કે બજાર નિયામકે સમૂહોની સંસ્થાઓના માલિકીના સંબંધમાં તેની તપાસમાં નિષ્કર્ષ રજૂ કર્યા છે. રિપોર્ટમાં કહેવાયું છે કે અદાણીના શેરોમાં અસ્થિરતા ખરેખર વધારે જોવા મળી હતી જેનું કારણ હિંડેનબર્ગનો રિપોર્ટ અને તેના પરિણામો છે.

નેપાળના શેરપા કામીરીતાએ ૨૭મી વાર એવરેસ્ટ સર કર્યો

કાઠમંડુ, તા.૨૦

વિશ્વના જાણીતા પર્વતારોહક કામી રીતા શેરપાએ ૨૭મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરીને સૌથી વધારે આ શિખર પર પહોંચવાનો વિશ્વવિક્રમ સ્થાપ્યો છે. નેપાળના ટુરિઝમ વિભાગના કહેવા અનુસાર ૫૩ વર્ષીય ગાઈડ કામી રીતાએ બુધવારે સવારે સાડા આઠ વાગ્યે ૨૭મી વખત માઉન્ટ એવરેસ્ટની ટોચ પર ચઢાઈ કરી હતી. આ સાથે જ આ રેકોર્ડ તેમણે ફરી પોતાના નામે કર્યો છે. કારણકે તેમના જ એક સાથીદાર શેરપા પર્વતારોહક પસાંગ દાવાએ ત્રણ દિવસ પહેલા તેમના રેકોર્ડની બરાબરી કરીને ૨૬મી વખત એવરેસ્ટ સર કર્યુહતુ. જોકેઆ રેકોર્ડ હવે ફરીકામી રીતાના નામેથઈ ગયો છે. કામી રીતા પર્વતારોહકોના એક જૂથના ગાઈડના રોલમાં હતા અને તેમની સાથે તેઓ બુધવારે ૮૮૪૯ મીટર ઉંચા એવરેસ્ટ પર પહોચ્યા હતા. તેઓ સુરક્ષિત અને સ્વસ્થ છે. એવરેસ્ટ પર આરોહણ કરવા માટેએમ પણ મે મહિનો સૌથી યોગ્ય માનવામાં આવે છે. આ સમયગાળામાં હવામાન મોટાભાગે અનુકુળ રહે છે. કામી રીતાએ સૌથી પહેલા ૧૯૯૪માં એવરેસ્ટ સર કર્યુ હતુ અને તે પછી દર વર્ષે તેઓ આ પર્વત પર ચઢાઈ કરતા રહ્યા છે.

રશિયા-યુક્રેન યુદ્ધને કારણે સુરતના હીરા ઉદ્યોગને માઠી અસર

સુરત,તા.૨૦

રશિયા-યુક્રેન યુદ્ધ બાદ અનેક દેશો ખાસ કરીને અમેરિકા અને યૂરોપિયન યુનિયનના દેશોએ રશિયા પર આકરા પ્રતિબંધ લગાવ્યા છે. આ પ્રતિબંધને કારણે રશિયાની સાથે સાથે અન્ય દેશોને પણ તેની અસર થઈ છે. આ જ ક્રમમાં હવે રશિયા પર લગાવવામાં આવેલઆ પ્રતિબંધને કારણેસુરતના હિરા ઉદ્યોગને ભારે નુકસાન થયું છે. બ્રિટને રશિયાથી આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવ્યો છે તેના કારણે રશિયાથી હીરા આયાત પર પ્રતિબંધને કારણે સુરતના હીરા ઉદ્યોગને પણ તેની માઠી અસર થઈ છે.રશિયાથી રફ ડામંડની આયાત કરવામાં આવે છે જે ભારત અને બ્રિટેન બન્ને જગ્યાએ આવે છે. બાદમાં ભારતમાં આ રફ ડાયમંડમાંથી હીરા તૈયાર થઈને બ્રિટેનમાં તેની જ્વેલરી વેચાય છે. હીરા જ્વેલરીના સર્ટિફિકેટ પર હીરા કઈ ખાણના છે તેનો પણ ઉલ્લેખ હોય છે. હવે બ્રિટેન દ્વારા પ્રતિબંધ લગાવવાને કારણે રશિયાના હીરા હોય બ્રિટનમાં ભારતની જ્વેલરી પણ વેચાશે નહિં.બ્રિટને રશિયાથી આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવ્યો આ પ્રતિબંધને કારણે કટ અને પોલીસિંગના હીરાના વેચાણ પર અસર થશે. રશિયાથી મોટી સંખ્યામાં હીરા ભારત દેશમાં આયાત થાય છે. એ હીરા કટ પોલીસ્ડ કરી વિશ્વભરમાં વેચાય છે. જેમાં બ્રિટન પણ એક મોટું માર્કેટ છે.

વેરાવળમાં ભૂલા પડેલા ૬૨ વર્ષીય વૃદ્ધ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૦

વેરાવળ ૧૮૧ અભયમની ટીમે ૬૨ વર્ષીય વૃધ્ધ મહિલાનું તેના પરિવાર સાથે મિલન કરાવી સરાહનીય કામગીરી કરી હતી. ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકામાંથી એક જાગૃતનાગરિક દ્વારા ૧૮૧માં ફોન કરી એક ૬૨ વર્ષના વૃદ્ધ મહિલા એકલા છે એવું જણાવેલ. સાથે જ માહિતી આપી હતી કે તેમને ઘરે જવું છે. રાતનો સમય અને વૃદ્ધા એકલા હોવાથી ફરજ ઉપર હાજર રહેલ કાઉન્સેલર મનીષા ધોળિયા, કોન્સ્ટેબલ દિવ્યાબેન તેમજ ડ્રાઈવર રમેશભાઈ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી ગયા હતા.

જે પછી વૃદ્ધ મહિલાને મળી તેનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળેલ કે વૃદ્ધા અને તેમના પતિ બંને બજારમાં ગયા હતા અને તેમના પતિથી વિખૂટા પડી રસ્તો ભૂલી ગયા હતાં. આ વૃદ્ધા ૩ કલાકથી ભટકતા હતાં. વૃદ્ધાએ ટીમને જણાવ્યું કે, મારા પતિ મારા દીકરા બધા મારી ચિંતા કરતા હશે. તમે લોકો મને મારા ઘરે મૂકી જાઓ. વૃધ્ધ મહિલા ગભરાયેલા હોવાથી ૧૮૧ની ટીમે તેમને સાંત્વના આપી હતી. જે પછીથી થોડી પૂછપરછ કરતા તેમણે વેરાવળ તાલુકાના એક વિસ્તારનું નામ જણાવ્યું હતુંઅને તે વિસ્તારમાં જવાથી લોકો પણ આ મહિલાને ઓળખી ગયા હતા. જેપછીથી તેમનાઘરે સહી-સલામત પહોંચાડવામાં આવ્યા હતાં. વૃદ્ધાને ઘરે મૂકી જવાબદલ તેમના પતિ અને પરિવારે ૧૮૧ અભયમની ટીમનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

પ્રવાસીના ધસારાથી હિમાલયની ઈકોસિસ્ટમ બરબાદ થઈ રહી છે

દહેરાદૂન, તા.૨૦

ઉત્તરાખંડમાં ધસતા પર્વતો, ડૂબતા શહેરો, તૂટતા રસ્તાઓ અને સુકાઈ રહેલી નદીઓ દર્શાવે છે કે હિમાલય સાથે દુર્વ્યવહાર થઈ રહ્યો છે. નિષ્ણાંતોનો દાવો છે કે ઉત્તરાખંડમાં ચાલી રહેલ અવિરત અને બેફામ નિર્માણકાર્યો અને દિવસેને દિવસે પ્રવાસીઓનો વધતો જતો ધસારો હિમાલયની નાજુક ઈકોસિસ્ટમને બરબાદ કરી રહ્યું છે. નિષ્ણાતોના મતે અવારનવાર ત્રાટકતી આફતો આ દબાણ અને મનમાનીનું પરિણામ છે. ચારધામ ગંતવ્યોમાંના એક બદ્રીનાથના પ્રવેશદ્વાર જોશીમઠ ખાતે જે લોકોના ઘરો ભૂસ્ખલનથી પ્રભાવિત થયા હતા, તેઓ હજુ પણ ભયભીત છેઅને તે ઘરોમાં પાછા ફરવાની હિંમત કરવામાં અસમર્થ છે. પર્યાવરણ નિષ્ણાતોનું કહેવું છે કે ઉત્તરાખંડમાં આબોહવા અને કુદરતી કારણોસર પહેલેથી જ અસ્થિર રહેલા હિમાલયની સ્થિરતા માટે માર્ગોના વિસ્તરણના પ્રોજેક્ટ્સ સૌથી મોટા ખતરા તરીકે ઉભરી આવ્યા છે. ચાર ધામ-બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીને જોડતા રોડ પ્રોજેક્ટને પીઢ પર્યાવરણવિદ રવિ ચોપરાની આગેવાની હેઠળની સમિતિ દ્વારા ૨૦૧૯ના અહેવાલમાં હિમાલય પર હુમલો કરવાની યોજના તરીકે ઓળખવામાં આવી છે. સમિતિએ ચાર ધામ પ્રોજેક્ટ પર રસ્તાની પહોળાઈ ૫.૫ મીટર રાખવાની ભલામણ કરી હતી, પરંતુ ડિસેમ્બર ૨૦૨૧માં સુપ્રીમ કોર્ટના આદેશ પર રોડની પહોળાઈ ૧૦ મીટર રાખવાની મંજૂરી આપવામાં આવી હતી. ઈન્ડિયન સ્કૂલ ઑફ બિઝનેસના ભારતી ઈન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક પૉલિસીના રિસર્ચ ડિરેક્ટર અને એસોસિએટ પ્રોફેસર અંજલ પ્રકાશે જણાવ્યું હતું કે ઋષિકેશ અને જોશીમઠ વચ્ચેના ૨૪૭ કિલોમીટરના રસ્તા પર ૩૦૯ વખત ભૂસ્ખલનને કારણે રસ્તો બંધ થઈ ગયો હતો.આને પ્રતિ કિલોમીટરની સંખ્યાથી વિભાજીત કરીએ તો પ્રતિ કિલોમીટર સરેરાશ ૧.૨૫ ભૂસ્ખલન થયા છે. આપણે ધ્યાનમાં રાખવું પડશે કે પર્વતોની પોતાની વહન ક્ષમતા હોય છે, તેઓ એક સમયે મર્યાદિત સંખ્યામાં જ લોકોને સ્વીકારી શકે છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

રામ બે વાર નિશાન લગાવતા ન હતા અને ન તો બે વાર બોલતા હતા.

- વાલ્મીકીજી

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.દએ-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, જયેષ્ઠ સુદ-૧ દશહરારંભ તા.૨૦ મે ૨૦૨૩, શનિવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૨૯, કૃતિકા નક્ષત્ર, અતિગંડ યોગ, કિંસ્તુઘ્ન કરણ, સૂ.ઉ.૬:૦૯, સૂ.અ.૭:૨૬
આજનો દિવસ સવારે ૮:૦૨ ક.થી શુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: બગડેલા કાર્યો સુધરે, સંતાનથી લાભ થાય.
વૃષભ: માનસિક ચિંતા દૂર થાય, આવકમાં વૃધ્ધિ થાય.
મિથુન: મહત્વની તક સાંપડે, સામાજિક પ્રવૃત્તિમાં વધારો થાય.
કર્ક: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું, કાર્યક્ષેત્રમાં સફળતા મળે.
સિંહ: સંપત્તિ સંબંધી કાર્યમાં સફળતા, માનસિક તાણ દૂર થાય.
કન્યા: ધાર્યા કાર્યમાં વિલંબ થાય, આર્થિક સમસ્યા હળવી બને.
તુલા: મનની ચંચળતા દૂર થાય, કર્મક્ષેત્રે સફળતા મળે, કાર્યબોઝમાં વધારો થાય.
વૃશ્ચિક: વ્યર્થ દોડા-દોડી રહે, માનસિક પ્રફુલિતતા રહે.
ધન: આર્થિક ચિંતા દૂર થાય, સાહસિક કાર્યોમાં સફળતા મળે.
મકર: આકસ્મીક ધન લાભ થાય.
કુંભ: ગૃહવિવાદ, પુરૂષાર્થનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો.
મીન: પ્રવાસ ટાળવું હિતાવહ, આરોગ્ય બાબતે સંભાળવું.

લાડવો સમજીને મસળી નાખે છે તરબૂચ

આ છે દુનિયાની સૌથી મજબૂત પગવાળી મહિલા

નવી દિલ્હી, તા.૨૦

આજના જમાનામાં મહિલાઓ દરેક ફિલ્ડમાં પુરુષોને ટક્કર આપી રહી છે. પછે ભલેને કોઈ પણ ટાસ્ક હોય, જો પુરુષો તે કામ કરી શકતા હોય તો, મહિલાઓ પણ પાછળ રહેવાની નથી. પહેલાના સમયમાં અમુક ખાસ કામ હતા, જેમાં ફક્ત પુરુષોનો જ દબદબો રહેતો હતો, પણ સમયની સાથે આ ફિલ્ડમાં મહિલાઓએ પોતાની ધાક જમાવી લીધી છે. તેમાંથી એક છે ફિટનેસ વર્લ્ડ. આમ તો મહિલાઓ પાસેથી એ વાતની આશા વધારે રખાતી હોય છે કે, તે ફિગર મેંટેન કરે, પણ જ્યારે જિમ જઈએ તો, ત્યાં પુરુષોની જ ભીડ જોવા મળે છે. પણ હવે સમય બદલાતા ફિટનેસ વર્લ્ડમાં મહિલાઓએ પોતાની ધાક જમાવી છે. ફિટનેસ ઈન્ફ્લુએંસર રહકીના ફેંસ તેની તસ્વીરોની રાહ જોતા રહે છે. રહકી ખુદે ઈંસ્ટાગ્રામ પર સૌથી મોટા અને મજબૂત પગવાળી મહિલા તરીકે ઈંટ્રોડ્યૂઝ કરે છે. તેનો દાવો છે કે, તેનાથી વધારે મોટા પગ ઈંસ્ટાગ્રામ પર કોઈના નથી. રહકીને ક્વિન ઓફ ક્વાડ્સ, દીવા ઓફ ડેલ્ટ્સ અને મજબૂતીની મિસાલ તરીકે ઓળખવામાં આવે છે. જો આપને લાગે છે કે, મોટા ભાગ ફિટનેસ મોડલ્સ ઓનલાઈન રહે છે, રહકી પણ તેમાંથી એક છે, તો આપ ખોટા છે, તેની તસ્વીરો અને કંટેંટ બીજાથી અલગ છે. રહકીના જણાવ્યા અનુસાર, ઈંસ્ટાગ્રામ પર સૌથી મજબૂત પગ કોઈના નથી. તેની જાંઘ એટલી મજબૂત છે કે, તે તેનાથી તરબૂચ પણ ફોડી નાખે છે. રહકીને બોડી પોઝિટિવિટી માટે ઓળખવામાં આવે છે. મૂળ તો મિયામીની રહેવાસી રહકી પોતાની પોસ્ટ્સથી અન્ય મહિલાઓને ખુદને પ્યાર કરવાનો મેસેજ આપે છે. સાથે જ તે લોકોની સાથે પોતાની બોડી સ્ટ્રેંચ માર્ક્સ અને મોટાપાના નિશાન પણ શેર કરે છે. રહકી દુનિયામાં રહેલા મિથને તોડવા માટે પોસ્ટ્સ કરે છે. મોટા ભાગે દુબળી મહિલાઓને સુંદર માનવામાં આવે છે. પણ રહકી એવું માનતી નથી. તેની જાંઘ ખૂબ મોટી છે. તેની વચ્ચે રાખીને તે તરબૂચ ફોડી દે છે. રહકીએ જણાવ્યું કે, આ અગાઉ તેને ઘણા મેણા ટોણા સાંભળવા પડતા હતા. લોકો તેની બોડીને મર્દાના બોલાવતા હતા. તેના કારણે તે ખૂબ જ ડિપ્રેસ રહેતી હતી, પણ હવે તે તેની બોડીને પ્રેમ કરવાનું શિખી ગઈ છે. જેને તે પહેલા નબળાઈ સમજતી હતી, પણ હવે તેના જ સહારે તે પ્રખ્યાત થઈ ગઈ છે.

ઉના શહેર તથા તાલુકા ભાજપની કારોબારી બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૦

ઉના શહેર તથા તાલુકા ભાજપની કારોબારીની એક મીટીંગ ગીર સોમનાથ જિલ્લા ભાજપા પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયાના અધ્યક્ષસ્થાને ઉના નગરપાલિકા સભાખંડમાં મળેલી હતી. આ મીટીંગમાં પ્રદેશની સુચના અનુસાર કેન્દ્ર સરકાર નવ વર્ષ પૂર્ણ થતાં હોય '૯ સાલ બેમીશાલ' અંતર્ગત યોજવાના થતા કાર્યક્રમોની ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી અને ૨૦૨૪માં યોજાનાર લોકસભા ચુટણીની તૈયારીમાં લાગી જવા કાર્યકરોને આહવાન કરવામાં આવ્યું હતું.

આ મીટીંગમાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપના મહામંત્રી દિલીપભાઈ બારડ, ઉના તાલુકાના પ્રભારી રામભાઈ વાઢેર, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપના મંત્રી પ્રવીણભાઈ આમહેડા, રમેશભાઈ કેશવાળા તથા ઉના તાલુકાના ભાજપના પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, મહામંત્રી વિજાભાઈ સોચા, રાવતસિહ પરમાર, શહેર ભાજપા પ્રમુખ મિતેષભાઈ શાહ તથા મહામંત્રી કાંતિભાઈ છગ, સુનિલભાઈ મુલચંદાણી તથા શહેર તાલુકા સંગઠનના હોદેદારો જીલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના સદસ્યો ,શક્તિ કેન્દ્રના પ્રભારીઓ, સંયોજકો, પ્રમુખો તથા વિશાળ સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢનાં ચંડી ચામુંડા ધુન મંડળ કડીયાવાડનો ૫૮મો વાર્ષિક પાટોત્સવ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

શ્રી ચંડી ચામુંડા ધુન મંડળ કડીયાવાડ, જૂનાગઢ દ્વારા ધુમ મંડળનો ૫૮મો વાર્ષિક પાટોત્સવ આવતીકાલ જેઠ સુદ બીજને રવિવાર તા. ૨૧-૫-૨૩નાં રોજ ઉજવવામાં આવશે. આ પ્રસંગે શોભાયાત્રા સવારે ૭ કલાકે કડીયા મંદિરથી નીકળી જવાહર રોડ, સેજની ટાંકી, ગિરનાર રોડ થઈ ઉપરકોટની રાંગે ચામુંડા માતાજીનાં (જુના) મંદિરે પહોંચશે. ત્યાં માતાજીની ચુંદડી ચડાવી પૂજન અર્ચના કરી થાળ ધર્યા બાદ પ્રસાદીરૂપે બટુક ભોજન કડીયા મંદિરે, કડીયાડમાં રાખેલ છે. તેમજ રાત્રીનાં ૧૦ કલાકે ધુન ગરબાનો કાર્યક્રમ રાખેલ છે. આ સત્સંગનો દરેક ધર્મપ્રેમી જનતાએ લાભ લેવા દિલીપભાઈ વાઘેલાની યાદીમાં જણાવેલ છે.

કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થવાની ભાજપ કરશે ઉજવણી

રાજ્યભરમાં વિવિધ સ્થળોએ જનસભા યોજાશે : ૧ માસ સુધી ઘર-ઘર સંપર્ક

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારી તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાઈ હતી. જેમાં કેન્દ્ર સરકારના નવ વર્ષ પૂર્ણ થવાને લઈ એક માસ સુધી જનસંપર્કના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હતા. ભાજપ પ્રદેશ મહામંત્રીએ આ અંગે વધુમાં જણાવ્યું હતું કે, ૨૦૧૪ના ચુંટણી ઢંઢેરામાં ભાજપાએઆપેલ તમામવચનો છેલ્લા નવ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂર્ણ કર્યા છે.રામ મંદિરનું નિર્માણ હોય, કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને અનુચ્છેદ ૩૫-એ દૂર કરીને કાશ્મીરને ભારત સાથે જોડવાની વાત હોય,આતંકવાદીઓને જવાબ આપવાની ઝીરો ટોલરન્સની નીતિ હોય, પાડોસી દેશો સાથે સંબધોની વાતો હોય, મજબુત વિદેશનીતિ થકી દેશને સુરક્ષિત કરવાની વાત હોય, ગરીબ કલ્યાણ માટેની વિવિધ યોજનાઓ હોય, મહિલા સુરક્ષા તેમજ સશક્તિકરણ અને યુવાનોને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ આપવાની અને રોજગારની વાત હોય, વીજળી વગરના હજારો ગામોમાંપ્રકાશ પાથરવાની વાતો હોય કે દેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઝડમૂળથી ફેરફાર કરવાનો હોય,પાછલા નવ વર્ષમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં દરેકક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરીકરીને કરાઈ છે. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાની આગેવાની અને કેન્દ્રીય ભાજપની યોજના અનુસાર ૩૦મી મેથી રાષ્ટ્રવ્યાપી મહા જનસંપર્ક અભિયાનનો આરંભ થવા જઈ રહ્યો છે આ અંતર્ગત ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સી.આર.પાટીલ અને રાષ્ટ્રીયમહામંત્રી વિનોદ તાવડેની વિશિષ્ઠ ઉપસ્થિતમાં ટાગોર હોલ ખાતે પ્રદેશની બૃહદ કારોબારીનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમો અંતર્ગત પ્રદેશના પદાધિકારીઓ પ્રદેશ કક્ષાએ પત્રકાર પરિષદનું આયોજન કરશે.તે પછી ક્રમશઃ જીલ્લા મહાનગરસ્તરે જીલ્લા અધ્યક્ષશ્રી અને સાંસદશ્રીઓ પત્રકાર પરિષદને સંબોધશે.કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર દ્વારા થયેલ વિકાસ કામોને સ્થળ ઉપર પહોચીને લોકો સમક્ષ ઉજાગર કરવામાં આવશે. સ્થાનિક નાગરિકોસાથે તે અંગેવાર્તાલાપ કરવામાં આવશે. રાજયભરમાં વિવિધ સ્થળોએ જનસભાનું આયોજન પણ કરવામાં આવશે.નવ વર્ષ બેમિસાલ અંતર્ગત ઘર-ઘર સંપર્ક કરવામાં આવશે. આ સમગ્ર અભિયાન

સમગ્ર દેશ તેમજ રાજયમાં એક મહિના સુધી ચાલશે.કેન્દ્રીય ભાજપની યોજના મુજબ ૫૧ જેટલી જનસભાઓનું આયોજન સમગ્રદેશભરમાં કરવામાં આવ્યું છે.દરેક લોકસભા ક્ષેત્રમાં વિવિધ સંગઠનલક્ષી કામગીરીનું આયોજન કરવામાં આવ્યું છે. પોતાનો રીપોર્ટ કાર્ડ પ્રજા સમક્ષ લઈ જવાની ભાજપની કાર્ય પદ્ધતિ રહી છે. ૨૦૧૯માં પણ દેશ સમક્ષ કરેલા કામોનું સરવૈયું લઈને ગયા હતા અને હવે ફરીથી એક વખત ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની પહેલા પ્રજા સમક્ષ અમારા કરેલા કાર્યોનો હિસાબ લઈનેજવાશે.

કોંગ્રેસ જ્યાં મજબૂત છે ત્યાં તેને સમર્થન આપવાની મમતાની ખાતરીને અખિલેશ યાદવનો પણ ટેકો

નવીદિલ્હી, તા.૨૦

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તમેકના વડા મમતા બેનર્જીના નિવેદનને સમર્થન આપ્યું હતું કે તેમનીપાર્ટી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપશે જ્યાં તે મજબૂત હશે. રાષ્ટ્રીયસ્તરે વિપક્ષી એકતા માટે બેનર્જીના નિવેદનને સમર્થન આપતા યાદવે કહ્યું કે, જે પક્ષ રાજ્યમાં મજબૂત છે તેણે ત્યાં ચૂંટણી લડવી જોઈએ. તેમણે કહ્યું કે, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, તેલંગાણાના મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવ અને અન્ય પક્ષો પણ આ જ અભિપ્રાય ધરાવે છે, એમ પાર્ટીના નિવેદનમાં જણાવાયું છે. તાજેતરમાં જ યાદવ લખનૌ ખાતે કુમાર અને RJD ના નેતા તેજસ્વી યાદવને મળ્યા હતા. તેમણે આ વર્ષની શરૂઆતમાં તેલંગાણામાં TRSના એક કાર્યક્રમમાં પણ ભાગ લીધો હતો. તાજેતરમાં બેનર્જીએ વિપક્ષી એકતા માટે સંભવિત વ્યૂહરચના ઉપર TMCના સમર્થન ઉપર અફવાઓને ફગાવી. તેમણે કહ્યું કે,તેમની પાર્ટી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને સમર્થન આપશે જ્યાં તે મજબૂત હશે. સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટી મુખ્ય વિરોધ પક્ષ છે, જે લોકસભામાં સૌથી વધુ ૮૦ સભ્યો મોકલે છે. SP એ તાજેતરના ભૂતકાળમાં કોંગ્રેસ અને BSP બંને સાથે જોડાણ કર્યું હતું પરંતુ બાદમાં અલગ થઈ ગયા હતા. ગયા વર્ષે, પાર્ટી રાષ્ટ્રીય લોકદળ (RLD) સાથે અપના દળ (કામેરાવાડી) અને અન્ય સાથે UP ચૂંટણીમાં ઉતરી હતી. તેમણે કહ્યું કે,ભાજપને હરાવવા બદલ કર્ણાટકના લોકોને અભિનંદન આપતા યાદવે કહ્યું કે,લોકોએ નફરત ફેલાવનારાઓનેનકારી દીધાછે. "ભાજપ સમાજને લડાવવાનું કામ કરે છે." બેનર્જીએ કહ્યું, "જ્યાં પણ કોંગ્રેસ મજબૂત છે, તેમને લડવા દો. અમે તેમને સમર્થન આપીશું, તેમાં કંઈ ખોટું નથી. પરંતુ તેમણે અન્ય રાજકીય પક્ષોને પણ સમર્થન આપવું પડશે." જો કે, સમર્થન મેળવવા માટે કોંગ્રેસે અન્ય પક્ષોને પણ સમર્થન આપવું પડશે, એમ તેમણે કોલકાતામાં પત્રકારોને જણાવ્યું હતું. UPમાં શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ઉપર, યાદવે ફરીથી આરોપ લગાવ્યો કે ભાજપ સરકારે "લોકશાહીની હત્યા કરી છે." યાદવે કહ્યું કે,"ચૂંટણી જીતવા માટે, ભાજપના માણસોએ તમામ યુક્તિઓ અપનાવી. લોકશાહી બચાવવા માટે, આપણે સંઘર્ષ કરવો પડશે." તેમણે આક્ષેપ કર્યો હતો કે,ભાજપના ઉમેદવારો કે જેઓ "પરાજીત" થયા હતા તેઓને વિજયી જાહેર કરવામાં આવ્યા હતા અને અધિકારીઓએ "ભાજપના એજન્ટ" તરીકે કામ કર્યું હતું. યાદવે કહ્યું કે,શહેરી વિસ્તારોમાં SPનાવોટ ટકાવારી વધી છે અને તે ગ્રામીણ વિસ્તારોમાં વધુ મજબૂત બની છે. તેમણે કહ્યું કે, "જો ભાજપ અપ્રમાણિકતામાં સામેલ નહોત, તો તેનો નાશ થઈ ગયો હોત.

સંયુક્ત રાષ્ટ્રએ ૩ અબજ ડોલરની માનવીય સહાયતા માંગી : સુદાન

(એજન્સી) તા.૨૦

સંયુક્ત રાષ્ટ્ર માનવીય પ્રતિક્રિયા યોજના સંકટથી પ્રભાવિત લોકોને સહાયતા પ્રદાન કરવા માટે લગભગ ૩ બિલીયન ડોલરની માંગ કરી રહી છે. જીનિવામાં માનવીય મામલાઓના સમન્વય માટે સંયુક્ત રાષ્ટ્ર કાર્યાલયના પ્રમુખ રમેશ રાજસિંઘમે જણાવ્યું કે લગભગ ૨૫ મિલિયન લોકો, સુદાનની અડધાથી વધુ વસ્તીને સહાયતા અને સુરક્ષાની જરૂરત છે. તેમણે જણાવ્યું કે આ દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા છે.

સુદાનની સર્વોચ્ચ માનવીય અપીલ :

થોડાક મહિના પહેલા આ અંદાજો લગાવવામાં આવ્યો હતો કે ૧.૭૫ બિલિયન ડોલરની જરૂરત હશે. ૧૫ એપ્રિલે લોહિયાળસંઘર્ષ પછી જારી પ્રતિક્રિયા યોજનાના સંશોધનમાં સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું કે ૨.૫૬ અબજ ડોલરની જરૂરત હશે. એક સંયુક્ત અપીલમાં સંયુક્ત રાષ્ટ્રની શરણાર્થી એજન્સીએ જણાવ્યું કે તે ૧ મિલિયનથી વધુ લોકો માટે ૪૭૦ મિલિયન ડોલરની વધારાની માંગ કરી રહી છે. જે દેશથી ભાગી ગયા છે, અથવા આગામી ૬ મહિનામાં એવું કરવાની આશા છે. રાજસિંઘમે જણાવ્યું કે વર્તમાન શોધ જરૂરિયાતો સુદાન માટે કોઈપણ માનવીય અપીલ માટે ઉચ્ચતમ છે. પાછલા અઠવાડિયે ડબ્લ્યુએચઓએ જણાવ્યું કે સુદાનમાં ચાલી રહેલી અથડામણોમાં મૃતકોની સંખ્યા વધીને ૬૦૪ થઈ ગઈ છે. અને ૫૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.

સર્વોચ્ચ અદાલતે EWS ક્વોટાના ચુકાદાની સમીક્ષા કરવા માટેની અરજીઓ ફગાવી દીધી

નવી દિલ્હી, તા.૨૦

સર્વોચ્ચ અદાલતે બંધારણીય બેંચ દ્વારા નવેમ્બર ૨૦૨૨ના બહુમતી ચુકાદાની સમીક્ષાની માંગ કરતી અરજીઓને ફગાવી દીધી છે, જેણે સમાજના 'આર્થિક રીતે નબળા વર્ગો' (EWS) માટે ૧૦% ક્વોટાની માન્યતાને સમર્થન આપ્યું હતું. 'સમીક્ષા અરજીઓનો અભ્યાસ કર્યા પછી, રેકોર્ડમાં કોઈ ભૂલ દેખાતી નથી તેથી, સમીક્ષા અરજીઓ કાઢી નાખવામાં આવી' ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચુડની આગેવાની હેઠળની પાંચ ન્યાયાધીશની બેંચે જારી કરેલા તાજેતરના આદેશમાં સમીક્ષા અરજીઓ ફગાવી દીધી હતી. સમીક્ષા અરજીની ખુલ્લી અદાલતમાં સુનાવણીની અરજી ફગાવી દેવામાંઆવી હતી. સમીક્ષા અરજીઓનો નિર્ણય ન્યાયાધીશો દ્વારા સંમેલિત થઈને લેવામાં આવ્યોહતો. ગયા વર્ષે નવેમ્બરમાં બંધારણીય બેંચના ત્રણ ન્યાયાધીશોની બહુમતીએ એવું માન્યુંહતું કે આગળની જાતિઓમાં 'ગરીબમાં ગરીબ' માટે ૧૦% EWS ક્વોટા બંધારણના મૂળભૂત માળખા માટે કોઈ જોખમ નથી. ત્રણ ન્યાયાધીશોએ તારણ કાઢ્યું હતું કે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો અને અન્ય પછાત વર્ગોને EWS અનામતના ક્ષેત્રમાંથી બાકાત રાખવાથી સમાનતા સંહિતાનું ઉલ્લંઘન થતું નથી. બહુમતીમાં ત્રણમાંથી બે ન્યાયાધીશો ઈચ્છતા હતા કે અનામત નીતિ સમયરેખા ઉપર મૂકવામાં આવે. EWS ક્વોટા ૮ લાખ રૂપિયાથી ઓછી કુલ વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતી વ્યક્તિઓને પાત્ર બનાવે છે. ક્વોટામાં BC, SC, ST અને OBCને બાકાત રાખવામાં આવ્યા છે જેઓ અલગથી આપવામાં આવેલ પ્રચલિત ૫૦% અનામતમાં સમાવિષ્ટ 'સમાન્ય જૂથો' બનાવે છે. તમિલનાડુના શાસક દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK), જેનું પ્રતિનિધિત્વ વરિષ્ઠ વકીલ પી.વિલ્સન દ્વારા કરવામાં આવ્યું હતું, બહુમતી ચુકાદાની સમીક્ષાની માંગ કરી હતી. DMKએદલીલ કરી હતી કે ક્વોટા ઉચ્ચ જાતિની વસ્તીના મોટા વર્ગને 'સરળ વિશિષ્ટ વૈભવી' આરક્ષણ આપે છે. સમીક્ષા અરજીઓમાં એવી દલીલ કરવામાં આવી હતી કે, ચુકાદાએ સર્વોચ્ચ અદાલતની નવ ન્યાયાધીશોની બેંચ દ્વારા નિર્ધારિત કાયદાને ફરીથી લખવામાં આવ્યો હતો જેણે અનામતને ૫૦% ઉપર સ્થિર કરી દીધી હતી, બાકીના અડધા લાયક ઉમેદવારોને છોડી દીધા હતા. DMKની અરજીમાં કહેવામાં આવ્યું છે કે,બંધારણમાં 10% EWS ક્વોટા રજૂ કરનાર ૧૦૩મા બંધારણીય સુધારાએ 'તેમને ચઅદ્યતન વર્ગોને' આર્થિક રીતે નબળા વર્ગો'ના ભ્રામક શબ્દ પાછળ છૂપાવવા માટે એક માસ્ક આપ્યો છે. પક્ષે દલીલ કરી હતી કે ચુકાદાએ ૧૦% અનામતમાંથી ST, SC અને OBC વર્ગોના ગરીબોને બાકાત રાખવાની મંજૂરી આપીને ભેદભાવને મંજૂરી આપી હતી.

ધીરેન્દ્ર શાસ્ત્રી બિહારીઓનું અપમાન કરી રહ્યા છે : RJDના તેજપ્રતાપે પાગલ ટિપ્પણી ઉપર બાગેશ્વર બાબાની નિંદા કરી

પટના, તા.૨૦

બાગેશ્વર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રી રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજ પ્રતાપ યાદવે બિહારના લોકોને કથિત રીતે દુર્વ્યવહાર કરવા અને તેમને પાગલ (ગાંડા) કહેવા બદલ તેમની નિંદા કર્યા પછી ફરીથી ચર્ચામાં છે. તેજ પ્રતાપ યાદવે પટનાના નૌબતપુરમાં ધીરેન્દ્ર શાસ્ત્રીના દિવ્ય દરબાર સત્ર વિશે પૂછવામાં આવતા આ ટિપ્પણી કરી હતી. બાગેશ્વર ધામના વડા એક વિશાળ ધર્મસભા માટે પાંચ દિવસ માટે પટનામાં છે. ધીરેન્દ્ર શાસ્ત્રી ઉપર ટિપ્પણી કરતા, આરજેડી નેતાએ કહ્યું કે તેમને ફક્ત દેવરાહ બાબામાં વિશ્વાસ છે, જે એક સિદ્ધ યોગી સંત છે. તેમણે આયોજકની ગેરવહીવટ ઉપર પણ પ્રકાશ પાડ્યો હતો જેના કારણે ધીરેન્દ્ર શાસ્ત્રીના ધર્મસભા દરમ્યાન સેંકડો ભક્તો બીમાર પડ્યા હતા. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, બાબા બિહારીઓ સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે.આબાબા બિહારીઓ સાથે દુર્વ્યવહાર કરે છે અને તેમને પાગલ કહે છે, તેમણે ઉમેર્યું.બિહારમાં રામ રાજ ન હોવાની શાસ્ત્રીની ટિપ્પણીના જવાબમાં યાદવે કહ્યું કેબિહારમાં કૃષ્ણ રાજ અને મહાગઠબંધન રાજ છે. આ રાજનીતિ દેશના ભાગલા પાડવા માટે કરવામાં આવી રહી છે. તેજપ્રતાપની ટિપ્પણી શાસ્ત્રીએ તેમના અનુયાયીઓને પાગલ કહીને વિવાદ ઊભો કર્યા પછી આવી હતીકારણકે, તેમણે તેમના દિવ્ય દરબાર સત્ર દરમ્યાન સ્થળની ક્ષમતા કરતાં વધુ ભીડની ચિંતાને ટાંકીને આરતી રદ કરવી પડી હતી.બહુત જ્યાદા ભીડ હો ગયી હે, અપાર ભીડ હો ગયી. પાગલ હી પાગલ આ ગયે હૈ (બહુ ભીડ છે, ભીડ બહુ વધી ગઈ છે, પાગલ આવી ગયા છે). આયોજકોએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માટે ત્રણ લાખથી વધુ ભક્તો સ્થળ ઉપર પહોંચ્યા હતા જે અપેક્ષિત ગણતરીની બહાર હતા.પટનામાં રવિવારે તાપમાન ૪૨ ડિગ્રીથી વધુ હોવાથી ઘણા ભક્તો બીમાર પડ્યા હતા. ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ રામ કૃપાલ યાદવે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાનીવાળી સરકારને ખાનગી કાર્યક્રમના ગેરવહીવટ માટે જવાબદાર ઠેરવ્યો હતો. શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં આવ્યા હતા અને પોલીસ ભીડને કાબૂમાં કરી શકી ન હતી. સ્થળની અંદર પીવાના પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહતી. આ બધુ સ્પષ્ટપણે રાજ્ય સરકારની ગેરવહીવટ દર્શાવે છે.

ચાના કપ સ્કેન કરીને સટ્ટો રમવાનું કૌભાંડ ઝડપાયું

અમદાવાદ, તા.૨૦

રાજકોટમાં પોલીસની નજરથી બચીને ઓનલાઈન સટ્ટો રમાડવા માટે બુકીઓએ હાઈટેક કીમિયો શોધી કઢ્યો. જોકે બુકીઓનો પ્લાન સફળ થાય એ પહેલા જ તેમના મનસુબા ઉપર પોલીસે પાણી ફેરવી દીધી હતું.દેશમાં ચાલી રહેલા IPLની સીઝન વચ્ચે રાજકોટમાં ખાનગી કાફેમાં ચાના કપમાં ઊઈ કોડ દ્વારા ઓનલાઈન સટ્ટો રમાડવાની ઘટનાનો પર્દાફાશ થયો છે. સટ્ટાની નવી મોડસઓપરન્ડી ઉપર નજર કરીએ તો અહીં ચા પીવાના કપ ઉપર સટ્ટાનો ઊઈ કોડ આપવામાં આવે છે. જેના સ્કેન કર્યા બાદ ઓનલાઈન સટ્ટાની લિંક ખુલે છે. આ લિંક ઓપન કરતા મોબાઈલમાં વોટ્સએપનો લોગો દેખાય છે. તેને ક્લિક કરતા જ સામેની વ્યક્તિ સાથે સીધી વાત થાય. સામેની વ્યક્તિ સટ્ટો રમાડવા ID બનાવવાની ઓફર કરે છે તેને સ્વીકારતા જ વ્યક્તિનું એકાઉન્ટ ખુલી જાય અને ગ્રાહક ઓનલાઈન સટ્ટો રમી શકે. ઓનલાઈન સટ્ટો રમાડવાની આ તરકીબ જોઈને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. કાફેમાં ચાલતા સટ્ટાના આ ગોરખધંધાનો પોલીસે પર્દાફાશ કરી નાખ્યો હતો. સટ્ટાકાંડના આ રેકેટમાં હાલ ACPએ ક્રાઈમ બ્રાન્ચના PSIને તપાસ સોંપી છે. ત્યારે પોલીસને આ સમગ્ર રેકેટ આંતરરાષ્ટ્રીય કક્ષાનું હોય તેવી આશંકા છે. હવે જોવાનું રહેશે કે આગામી દિવસોમાં આ કૌભાંડમાં કેવા પ્રકારના વધુ ખુલાસાઓ થાય છે.

મોટાભાગના છૂટાછેડા પ્રેમલગ્નને કારણે જ થાય છે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી, તા.૨૦

સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું હતું કે મોટાભાગના છૂટાછેડા પ્રેમ લગ્નથી થતા હોય તેવું લાગે છે.વૈવાહિક વિવાદથી ઉદભવતી ટ્રાન્સફર પિટિશનની સુનાવણી કરતી વખતે જસ્ટિસ બીઆર ગવઈ અને સંજય કરોલની બેન્ચે આ નિવેદન આપ્યું હતું જ્યારે કેસનાવકીલે કોર્ટને જાણ કરી હતી કે આ લગ્ન પ્રેમ લગ્ન હતા. અદાલતે મધ્યસ્થીનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેનો પતિએ વિરોધ કર્યો હતો.જો કે, કોર્ટે કહ્યું કે તાજેતરના ચુકાદાને ધ્યાનમાં રાખીને, તે તેની સંમતિ વિના છૂટાછેડા આપી શકે છે, બાર અને બેંચે અહેવાલ આપ્યો હતો.બાદમાં, ન્યાયાધીશોએ દંપતી વચ્ચે મધ્યસ્થી માટે હાકલ કરી હતી.આ મહિનાની શરૂઆતમાં, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે લગ્નના અનિવાર્ય ભંગાણના આધારે સર્વોચ્ચ અદાલત દ્વારા છૂટાછેડાની મંજૂરી એઅધિકારની બાબત નથી પરંતુ બંનેપક્ષકારોને સંપૂર્ણ ન્યાય મળે તે સુનિશ્ચિત કરવા માટે ઘણા પરિબળોને ધ્યાનમાં રાખીને ખૂબ કાળજી અને સાવધાની સાથે તેનો ઉપયોગમાં લેવાતી વિવેકબુદ્ધિ છે.જસ્ટિસ એસ કે કૌલની આગેવાની હેઠળની પાંચ જજની બંધારણીય બેન્ચે કહ્યું કે તે સ્પષ્ટ છે કે સર્વોચ્ચ અદાલતને સંપૂર્ણ ખાતરી અને સંતોષ હોવો જોઈએ કે લગ્ન સંપૂર્ણપણે અવ્યવહારૂ, ભાવનાત્મક રીતે મૃત અનેસ્વતંત્રતા થઈ વિમુખ છે અને તેથી, લગ્નનું વિસર્જન એ યોગ્ય ઉકેલ અને આગળનો એકમાત્ર રસ્તો છે.ખંડપીઠે તેના ચુકાદામાં આ અવલોકનો કર્યા હતા જેમાં સુપ્રીમ કોર્ટને બંધારણની કલમ ૧૪૨ (૧) હેઠળ તેની સંપૂર્ણ સત્તાનો ઉપયોગ કરીને અનિવાર્ય ભંગાણના આધારે લગ્નને

વિસર્જન કરવાની વિવેકબુદ્ધિ છે અને અને હિંદુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ હેઠળ ફરજિયાત ૬ મહિનાની રાહ જોવાની અવધિ પૂરી કરતી વખતે પરસ્પર સંમતિથી છૂટાછેડા આપી શકે છે.

જયગુરૂ આચર હિન્દરને મળો, એન્જિનિયરમાંથી ખેડૂત બનેલા, જેઓ પહેલા માત્ર ૨૨,૦૦૦ રૂપિયા કમાતા હતા હવે તેમનો પગાર દર મહિને ૧૦ લાખ રૂપિયા છે

નવી દિલ્હી, તા.૨૦

ઘણા એન્જિનિયરિંગ સ્નાતકો તેમની કારકિર્દીને આગળ વધારવા માટે મોટા કોર્પોરેશનોમાં કામ કરવાનું ચાલુ રાખે છે. જો કે, જયગુરૂ આચર હિંદરે, સિવિલ એન્જિનિયર ડિગ્રી સાથે, સંપૂર્ણપણે અલગ રસ્તા ઉપર જવાનું પસંદ કર્યું. જયગુરૂ હવે ગાય ઉછેરથી પહેલા કરતા ઘણા વધુ પૈસા કમાઈ રહ્યા છે. અહીં જયગુરૂ આચર હિન્દરની સફળતાની વાર્તા છે, પૂર્વ એન્જિનિયર કે જેઓ તેમના કાર્યની નવી રૂપરેખા તરીકે ગાય ઉછેર તરફ વળ્યા હતા. જયગુરૂ આચર હિન્દર દક્ષિણ કન્નડ જિલ્લાના પુત્તુર તાલુકાના મુન્દુ ગામના વતની છે. જયગુરૂ આચરે વિવેકાનંદ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીમાં સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી પૂર્ણકરી અને પછી એક વર્ષ ખાનગી કંપનીમાં સિવિલ એન્જિનિયર તરીકે કામ કર્યું. સ્નાતક થયા પછી, તેમણે એક ખાનગી કંપનીમાં થોડા વર્ષો સુધી કામ કર્યું, દર મહિને ૨૨,૦૦૦ રૂપિયાની કમાણી કરી. તેમણે ૨૦૧૯માં નોકરી છોડીને ફેમિલી બિઝનેસનો ભાગ બનવાનો નિર્ણય લીધો હતો. તેમણે ખાતરી કરી કે, તેમના જ્ઞાન અને કૌશલ્યોને વધુ સારી રીતેફાર્મની ઉત્પાદકતા વધારવા માટે લાગુ કરવામાં આવે. હાલમાં તેઓ આ કામ કરીને મહિને લગભગ ૧૦ લાખ રૂપિયા કમાઈ રહ્યાં છે. સંપૂર્ણ સંશોધન અને કાર્યને કારણે, તેમણે તેમના ગાય ફાર્મનો ઉપયોગ સૌથી વધુ વ્યવહરૂ બનાવ્યું અને તે સફળ રહ્યું. તેમણેએક ઉપકરણ ખરીદ્યું જે ગાયના છાણને સૂકવે છે જેથી ખેડૂતો તેનો વધુ સરળતાથી ઉપયોગ કરી શકે. દરરોજ, જયગુરૂ એકલા આ ગાયના છાણની લગભગ ૧૦૦૦ બેગ વેચેછે.વધુમાં, તેમણે ખેડૂતો માટે ગાયના છાણ, ગૌમૂત્ર અને પાણીમાંથી ઉપયોગી મિશ્રણ બનાવ્યું, જેને 'ગાયના છાણની સ્લરી' તરીકે ઓળખવામાં આવે છે. દરરોજ, તેઓ લગભગ ૭૦૦૦ લિટર આને સાચવે છે અને વેચે છે. તેઓ તેમની ગાયોને નવડાવવા માટે જે પાણીનો ઉપયોગ કરે છે તેનો વધુ સારો ઉપયોગ પણ તેઓ શોધે છે, તેથી કંઈપણ વેડફાઈ જતું નથી. તેમની ઉચ્ચ સ્તરની અસરકારકતાને લીધે, તેઓ એક સમૃદ્ધ ગાય ખેડૂત બની ગયા છે જે માત્ર પોતાને જ ફાયદો નથી પહોંચાડતા પણ તે જે ખેડૂતોની સેવા કરે છે તેના માટે જીવન સરળ બનાવે છે. આ ઉપરાંત તેઓ રોજનું ૭૫૦ લિટર દૂધ અને ૩૦થી ૪૦ કિલો ઘી વેચેછે.

સુદાનની રાજધાનીમાં માનવીય સંકટ ગંભીર થતું જઈ રહ્યું છે કારણ કે, સંઘર્ષ જારી છે

(એજન્સી) તા.૨૦

ખાર્તુમમાં પહેલાથી જ ભયાનક માનવીય સંકટ બગડી રહ્યું છે. કારણ કે, સુદાની સશસ્ત્ર દળો અને રેપિડ સપોર્ટ ફોર્સેઝની વચ્ચે હિંસક સશસ્ત્ર સંઘર્ષ બીજા મહિનામાં પ્રવેશ કરી ગયો છે. સમાચાર મુજબ સુદાની ડોક્ટર્સ યુનિયનના નવીનતમ રિપોર્ટ મુજબ ૧૫ એપ્રિલે થયેલી અથડામણો પછીથી અત્યાર સુધી ૮૨૨ લોકોનાં મોત થયા છે. સંઘર્ષ ક્ષેત્રોના રહેવાસીઓને માળખાકીય સેવાઓ, ભોજન, વીજળી અને પાણીના સપ્લાયની ભારે અછતનો સામનો કરવો પડી રહ્યો છે.જ્યારે હવાઈ બોમ્બમારા અને પ્રમુખ સ્થાનિક બજારોની લૂંટથી સ્થિતિ વધુ ગંભીર થઈ ગઈ છે. તેણેદૈનિક જરૂરિયાતોની સપ્લાયને અડચણ ઊભી કરી છે. ખાદ્ય વસ્તુઓના ભાવ આસમાને પહોંચી ગયા છે અને ફુગાવામાં વૃદ્ધિ વિશેઆશંકા વ્યક્ત કરવામાં આવી છે જે લાખો સુદાનીને ભૂખમરાના કગાર ઉપર ધકેલી શકે છે. સુદાનના એક અર્થશાસ્ત્રી મોહમ્મદ નૌરેદીન હાશિમે જણાવ્યું કે, દેશના પ્રમુખ ખાદ્ય વસ્તુઓના કારખાના અને આયાત કંપનીઓ ખાર્તુમમાં છે. પરંતુ તેમાંથી વધુ પડતા કારખાનાઓને બંધ કરી દેવામાં આવ્યા છે.

પાક.માં અરાજકતાથી સઉદી અરબ, યુએઈ અને ચીન જેવા દેશો ચિંતિત

ઈસ્લામાબાદ, તા.૨૦

પાકિસ્તાનમાં પૂર્વ પીએમ ઈમરાન ખાન અને સેના આમને સામને આવી ગયા બાદ સ્ફોટક સ્થિતિ સર્જાઈ છે અને તેના કારણે સઉદી અરબ, યુએઈ અને ચીન જેવા દેશો ચિંતિત થયા છે. પાકિસ્તાનમાં સર્જાયેલી ક્ટોકટીને ઉકેલવા માટે હવે આ ત્રણે દેશો ભરપૂર પ્રયત્નો કરી રહ્યા છે. મળતી વિગતો અનુસાર પાકિસ્તાની સેનાના ચીફ આસીમ મુનીરને ફોન કરીને યુએઈના રાષ્ટ્રપતિ મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી પણ આર્મી ચીફે આ ઓફર ફગાવી દીધી છે. હવે સઉદી અરબના પ્રિન્સ મહોમ્મદ બિન સલમાને પોતાના વિશેષ દૂત તરીકે ડેપ્યુટી હોમ મિનિસ્ટર ડોક્ટર નસીર બિન અબ્દુલ અઝીઝને પાકિસ્તાન મોકલ્યા છે. પાકિસ્તાની સરકારનો દાવો છે કે, સઉદીના દૂત રોડ ટુ મક્કા પ્રોજેક્ટના કરાર માટે આવ્યા છે. જેનાથી હજ યાત્રા આસાન બનશે. જોકે પાકિસ્તાનના વિશ્લેષકોનો દાવો છે કે, સઉદી પ્રિન્સે આ દૂતને સેના તેમજ ઈમરાન ખાન વચ્ચેના વિવાદને શાંત કરવા માટે મોકલ્યા છે. સઉદી અરબે પાકિસ્તાનને મોટા પાયે લોન આપી છે અને તેના કારણે પાકિસ્તાનની રાજનીતિ ઉપર સઉદી અરબનો ખાસો એવો પ્રભાવ છે. બીજી તરફ ચીન પણ પાકિસ્તાનમાં ચાલી રહેલા ઘમાસાણના કારણે ગભરાયુ છે. ચીનને પાકિસ્તાનમાં અસ્થિરતા પોસાય તેમ નથી. અને તેના કારણે ચીને પાકિસ્તાનમાં બની રહેલી ઘટનાઓનું પોતાના દેશમાં પ્રસારણ કરવા ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. સોશિયલ મીડિયા ઉપર પણ પાકિસ્તાનને લગતા હેશટેગ ઉપર બેન મુકવામાં આવ્યો છે.

રાજીવ સેન તેના માટે હવે કરવા માગે છે કામ

દીકરી ઝિયા સાથે નવા ઘરમાં શિફ્ટ થઈ ચારુ અસોપા

મુંબઈ, સુષ્મિતા સેનનો ભાઈ રાજીવ સેન, જે છેલ્લા ઘણા સમયથી ડાયમંડના બિઝનેસ સાથે સંકળાયેલો હતો તે હવે બહેનના પગલે-પગલે એક્ટિંગ ઈન્ડસ્ટ્રીમાં ધીમે-ધીમે પગ મૂકી રહ્યો છે. તેની શોર્ટ ફિલ્મ હસરત હાલમાં જ રિલીઝ થઈ છે અને તે પોતાની કેટલાક અપકમિંગ પ્રોજેક્ટમાં વ્યસ્ત જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેતો રાજીવ ઘણીવાર દીકરી ઝિયાનાની તસવીરો શેર કરતો રહે છે. તેને જ્યારે પણ સમય મળે છે ત્યારે અલગ રહેતી પત્ની ચારુ અસોપા સાથે રહેતી દીકરી ઝિયાનાને મળવા પહોંચી જાય છે અને તેની સાથે સમય પસાર કરે છે. એક્ટરે હાલમાં એક્સક્લુઝિવ વાતચીત કરતાં જણાવ્યું હતું કે, બિગ બોસ ઓટીટી ૨ માટે સંપર્ક કરવામાં આવ્યો હતો અને તે પ્રોજેક્ટ માટે ઉત્સુક છે. બિગ બોસ ઓટીટી ૨ સિવાય રાજીવ સેન તેની પર્સનલ લાઈફને લઈને વધારે ચર્ચામાં રહે છે. ચારુ અસોપા હાલમાં જ નવા ઘરમાં શિફ્ટ થઈ છે, ત્યારે શું તે તેની મુલાકાત લેવાનો છે તેમ પૂછતાં તેણે જણાવ્યું હતું કે 'જો ચારુ મને આમંત્રણ આપશે તો હું જરૂરથી જઈશ. મારું માનવું છે કે, મારી દીકરી ઝિયાનાના પિતા બનવા સિવાય હું એક કામ કરી શકું છું અને તે છે તેના સારા મિત્ર બનવું'. આ પહેલા આપેલા ઈન્ટરવ્યૂ ચારુ અને તેની વચ્ચે જે કંઈ થયું તે બાદ એ કેવી રીતે નોર્મલ લાઈફ તરફ વળી રહ્યો છે તેના વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે 'સ્થિતિ ગમે તેવી કેમ ન હોય તેને હેન્ડલ કરવી પડે છે. જીવનમાં ઘણું બધું જતું કરવું પડે છે. કોઈ વસ્તુને હાથમાં પકડી રાખવાનો કોઈ હેતું નથી. બિગ બોસ ઓટીટી ૨ વિશે વાત કરતાં રાજીવ સેને કહ્યું હતું કે, આ શોમાં તે ભાગ લેવા માટે ઉત્સુક છે પરંતુ કમિટમેન્ટના કારણે તે પાછી પાની કરી રહ્યો છે. એક્ટરે જણાવ્યું હતું કે 'મારા મગજમાં જે ચાલી રહ્યું છે એ છે કમિટમેન્ટ. તમે જાણો છો કે હાલ હું મારા પોતાના પ્રોડક્શનમાં વ્યસ્ત છું. બિગ બોસ ઓટીટી ૨ સિવાય રાજીવ સેન તેની પર્સનલ લાઈફને લઈને વધારે ચર્ચામાં રહે છે, ચારુ અસોપા હાલમાં જ નવા ઘરમાં શિફ્ટ થઈ છે મેં તાજેતરમાં જ મારી યૂટ્યૂબ ચેનલ પર હસરત નામની શોર્ટ ફિલ્મ રિલીઝ કરી હતી. મારે મારા બિઝનેસનું પણ ધ્યાન રાખવાનું હોય છે. તેથી, જોઈએ શું થાય છે. પરંતુ ખાતરી છે કે જે થશે સારું જ થશે. રાજીવ સેન અને ચારુ અસોપા તેમની પ્રોફેશનલ લાઈફ કરતાં પર્સનલ લાઈફને લઈને હંમેશા ચર્ચામાં રહ્યા છે. ૨૦૧૯માં આ કપલે હિંદુ અને ખ્રિસ્તી રીતિ-રિવાજથી લગ્ન કર્યા હતા. તેઓ એકબીજાને ડેટ કરી રહ્યા હતા ત્યારથી જ તેમની વચ્ચે કંઈક ઠીક નહોતું. પરંતુ લગ્ન પછી બધું સરખું થઈ જશે તેમ તેમનું માનવું હતું. જો કે, કોઈ ફરક પડ્યો નહોતો. હનીમૂન પરથી આવ્યાના થોડા જ મહિનામાં તેમની વચ્ચે ઝઘડો થયો હતો અને ચારુએ સોશિયલ મીડિયા પરથી સેન અટક પણ હટાવી દીધી હતી. આટલું જ નહીં બંનેએ એકબીજા સાથેની તસવીરો પણ ડિલિટ કરી દીધી હતી. લોકડાઉન દરમિયાન પણ ચારુ મુંબઈ સ્થિત ઘરે એકલી હતી જ્યારે રાજીવ દિલ્હીમાં હતો. બંને વચ્ચે લોકડાઉન ખુલ્યા બાદ સમાધાન થયું હતું અને સાથે રહેવા લાગ્યા હતા. આ દરમિયાન એક્ટ્રેસ પ્રેગ્નેન્ટ થઈ હતી અને નવેમ્બર ૨૦૨૨માં દીકરી ઝિયાનાનો જન્મ થયો હતો. તેના થોડા સમય બાદ બંને વચ્ચે ફરીથી ઝઘડો થયો હતો અને આ વખતે ડિવોર્સ લેવાનું નક્કી કર્યું હતું.

માધુરી સાથે રોમેન્ટિક સીન કરતાં બેકાબૂ થઈ ગયો હતો વિનોદ ખન્ના

મુંબઈ, વર્ષોથી ધક-ધક ગર્લ માધુરી દીક્ષિત પોતાની ખૂબસૂરતી અને એક્ટિંગથી લોકોને પોતાના દિવાના બનાવતી રહે છે. તેણે પોતાના ફિલ્મી કરિયરમાં ઘણી હિટ ફિલ્મો આપી છે અને આજે પણ તે જે ફિલ્મમાં જોવા મળી છે, તેમાં ચાર ચાંદ લગાવી દીધા છે. જો કે એક્ટ્રેસ પોતાના બોલ્ડ અને સિઝલિંગ સીનને લઈને પણ ઘણીવાર ચર્ચામાં રહી છે. તેમાંથી એક સીનની ચર્ચા આજે પણ થાય છે. જેમાં દિગ્ગજ એક્ટર વિનોદ ખન્ના એક્ટ્રેસના કિસ કરતાં બેકાબૂ થઈ ગયા હતા અને તેણે માધુરીના હોઠ કરડી લીધાં હતાં. માધુરી દીક્ષિત આજે ૫૬ વર્ષની થઈ ગઈ છે. વર્ષોથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ ધક-ધક ગર્લ પોતાની ફિલ્મોમાં બોલ્ડ સીન કરવાથી જરાંય ખચકાતી નહોતી. ઘણીવાર તેણે રોમેન્ટિક સીન આપ્યા છે. જો કે કદાચ તેના માટે એક ફિલ્મમાં બોલ્ડ સીન કરવો કોઈ ખરાબ સપના સમાન બની ગયું હશે. અમે વાત કરી રહ્યાં છીએ ફિલ્મ દયાવાનની જે વર્ષ ૧૯૮૮માં આવી હતી. આ ફિલ્મમાં વિનોદ ખન્ના અને માધુરી દીક્ષિત લીડ રોલમાં હતાં. આ ફિલ્મમાં એક સીન શૂટ કરતી વખતે કંઈક એવું થયું જેણે માધુરી દિક્ષિતને હચમચાવી નાંખી. એક સીનમાં દિગ્ગજ એક્ટર વિનોદ ખન્ના અને માધુરીએ એકબીજા સાથે રોમાન્સ કરવાનો હતો. આ સીન કરતી વખતે વિનોદ ખન્ના બેકાબૂ થઈ ગયાં હતાં. તેણે માધુરી દીક્ષિતના હોઠ કરડી લીધાં હતાં. આ ફિલ્મના ઈન્ટીમેટ સીને તહેલકો મચાવી દીધો હતો. ખરેખર માધુરી દીક્ષિતે ફિલ્મ 'દયાવાન'માં 'આજ ફિર તુમ પે પ્યાર આયા હૈ' સોન્ગમાં વિનોદ ખન્ના સાથે ઈન્ટીમેટ સીન આપ્યા હતા. આ દરમિયાન એક્ટરે તેના હોઠ કરડી લીધાં હતાં. આજ સુધી આ સીનને બોલિવૂડના હોટ કિસિંગ સીનમાંથી એક ગણવામાં આવે છે. તેવામાં તે વાત પણ સામે આવી હતી.

રેડ કાર્પેટ પર લગાવી આગ

કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં સારા પહોંચી વેસ્ટર્ન લૂકમાં

મુંબઈ, વિશ્વના સૌથી મોટા ફિલ્મ ફેસ્ટિવલ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ફ્રેન્ચ રિવેરામાં યોજાઈ રહેલા આ ફેસ્ટિવલમાં આ વર્ષે બોલીવુડની અનેક અભિનેત્રીઓ ડેબ્યૂ કરવા જઈ રહી છે. આ ફેસ્ટિવલમાં પહેલા જ દિવસે એશા ગુપ્તાએ હાઈ સ્લિટ ગાઉનમાં સૌકોઈના હોંશ ઉડાડી દીધા હતા. જ્યારે સારા અલી ખાન દુલ્હનના અવતારમાં રેડ કાર્પેટ પર ઉતરી હતી, પરંતુ આ ફેસ્ટિવલના બીજા લૂક માટે સારા અલી ખાને બ્લેક કલરનું હાર્ટ ગાઉન પહેર્યું હતું. આ ઑફશોલ્ડર ગાઉનમાં સારાએ સૌ કોઈને ચોંકાવી દીધા હતા. સારા અલી ખાન આ ગાઉનમાં ખૂબ જ જોરદાર લાગી રહી હતી. તેના આ ફોટો સોશિયલ મીડિયા પર પણ વાઈરલ થઈ રહ્યા છે. જોકે, સારાએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૩માં ડેબ્યૂ માટે અબૂ જાની અને સંદિપ ખોસલાનો લહેંઘો પહેર્યો હતો. ફેન્સ તો આ લૂક પર ફિદા જ થઈ ગયા હતા, જ્યારે કેટલાક યુઝર્સને સારાનો આ અંદાજ કંઈ ખાસ ન લાગ્યો જ્યારે બીજા દિવસે તે વેસ્ટર્ન અંદાજમાં જોવા મળી હતી. સારાના આ લૂકના ફેન્સ વખાણ કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકોને આ લૂક જરાય પસંદ ન આવ્યો. યુઝર્સે કહ્યું હતું કે, તેમને સારાનો આ કાન્સવાળો લૂક કંઈ ખાસ પસંદ નથી આવ્યો. જ્યારે એક યૂઝરે લખ્યું હતું કે, ફક્ત દિપીકા પાદુકોણ અને પ્રિયંકા ચોપરા જ જાણે છે કે, વેસ્ટર્ન આઉટફિટને કઈ રીતે પહેરવું જોઈએ. તો બીજા યુઝરે લખ્યું હતું કે, સારા આ લૂકમાં ઉંમરલાયક દેખાઈ રહી છે. બીજી તરફ કાન્સમાં ડેબ્યૂ પછી સારાએ જોની ડેપની ફિલ્મ **Jeanne Du Barry**ના પ્રીમિયરમાં પણ ભાગ લીધો હતો. સારા અલી ખાન સિવાય જે પણ બોલીવુડ અભિનેત્રીએ કાન્સ ફેસ્ટિવલમાં ડેબ્યૂ કર્યું છે. તેમાં અનુષ્કા શર્મા, માનુષી છિલ્લર, દિપીકા પાદુકોણ, સની લિયોની અને એશા ગુપ્તાનું નામ પણ સામેલ છે. કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના પહેલા દિવસે સારા, માનુષી છિલ્લર, એશા ગુપ્તા અને ઉર્વશી રૌતેલાનો લૂક સામે આવ્યો છે, જેને જોઈ સૌકોઈ હેરાન થઈ ગયા છે. આ ફિલ્મ ફેસ્ટિવલ ૨૭ મે સુધી ચાલશે. જ્યારે દર વર્ષની જેમ વર્ષે પણ ઐશ્વર્યા રાય બચ્ચન પણ આ ફેસ્ટિવલમાં જોવા મળશે. હાલમાં જ તે પુત્રી આરાધ્યા સાતે ફ્રેન્ચ રિવેરા માટે નીકળી છે.

રશ્મિકાને જોઈ ફેન્સ થયા પાગલ, બાઉન્સરે ફેનને ધક્કો માર્યો

વીડિયોમાં જે પ્રકારે રશ્મિકાનો બોડીગાર્ડ એક શખસને ધક્કો મારે છે, તેને જોઈ સોશિયલ મીડિયા યુઝર્સ ખૂબ નારાજ થઈ ગયા છે

મુંબઈ, સાઉથ સિનેમાની અભિનેત્રી અને નેશનલ ક્રશ રશ્મિકા મંદાનાનો એક વીડિયો અત્યારે ઈન્ટરનેટ પર લોકોનું દિલ જીતી રહ્યો છે. આ વીડિયોમાં રશ્મિકા પોતાના બોડીગાર્ડ સાથે કોઈક ઈવેન્ટમાં જઈ રહી હતી. તેદરમિયાન ચારે તરફ રશ્મિકાના ફેન્સે પડાપડી કરી હતી. તેવામાં રશ્મિકાના બોડીગાર્ડે એક શખસને ધક્કો મારીને હટાવી દીધો હતો, જેને જોઈને અભિનેત્રી હેરાન થઈ ગઈ હતી અને તેણે બોડીગાર્ડને આવું કરતા રોક્યો પણ હતો ત્યારબાદ પાછળથી વધુ એક છોકરી સેલ્ફી લેવા માટે રશ્મિકા પાસે દોડતી આવે છે. રશ્મિકા મંદાનાનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જે પ્રકારે રશ્મિકાનો બોડીગાર્ડ એક શખસને ધક્કો મારે છે. તેને જોઈ સોશિયલ મીડિયા યુઝર્સ ખૂબ નારાજ થઈ ગયા છે. લોકોએ વીડિયોના કમેન્ટ સેક્શનમાં પોતાની ભડાશ પણ કાઢી હતી. જેટલી વાતો લોકોએ બોડીગાર્ડના વર્તનને લઈને કહી એનાથી વધારે તેમણે તે શખસ પર પણ ગુસ્સો ઉતાર્યો હતો. એક યૂઝરે લખ્યું હતું કે, મને ખરેખર એ નથી સમજાતું કે, આ બધુ કરીને અભિનેત્રી સાથે સેલ્ફી લઈને જીવનમાં શું બદલાઈ જશે. એકે તો એવું પણ લખ્યું હતું કે, જ્યારે અભિનેત્રીને કોઈ વાંધો નથી તો તેના માટે કામ કરતા બાઉન્સર્સ આવા ધક્કા કેમ મારે છે. તો કેટલાક યૂઝર્સે લખ્યું હતું કે, આ બાઉન્સરનું વર્તન બરાબર નથી. આ યોગ્ય નથી. કારણ કે, આવા લોકોના કારણે તે સેલેબ્રિટી છે. જોકે, આ વીડિયોમાં છેલ્લે રશ્મિકા એક મહિલા ફેનની સાથે સેલ્ફી માટે પોઝ આપતી પણ દેખાઈ હતી. તો અત્યારે રશ્મિકા પોતાના અપકમિંગ પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે. તે રણબીર કપૂરની સાથે આવનારી ફિલ્મ એનિમલમાં જોવા મળશે. આ ફિલ્મને સંદિપ રેડ્ડી વાંગા ડિરેક્ટ કરી રહ્યા છે. ઉપરાંત રશ્મિકા અલ્લૂ અર્જૂનની આગામી ફિલ્મ પુષ્પા ૨માં પણ જોવા મળશે.

TMKOCના જેઠાલાલ કેમ OTT પર આવવા નથી માગતા?

મુંબઈ, તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં જેઠાલાલનું પાત્ર ભજવી જાણીતા થયેલા એક્ટર દિલીપ જોશી, ફિલ્માં પણ કામ કરી ચૂક્યા છે. પરંતુ, તેઓ ઓટીટીની દૂનિયાથી દૂર ભાગે છે. આજે જ્યાં મોટાભાગના ફિલ્મ અને ટીવી સ્ટાર્સ ઓટીટી પર પણ કામ કરી રહ્યા છે, ત્યારે દિલીપ જોશી ઓટીટી પર આવવાને લઈને ઉત્સુક નથી. દિલીપ જોશી છેલ્લા ૧૫ વર્ષથી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સાથે જોડાયેલા છે. દિલીપ જોશી ઓટીટી પર કેમ નથી આવવા માગતા, તેનું કારણ તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું. દિલીપ જોશીએ એક ઈન્ટર્વ્યુમાં ઓટીટી પર આવતા કન્ટેન્ટને લઈને વાત કરી અને જણાવ્યું કે, તેઓ કેમ તેનાથી દૂર રહે છે, અને કેમ તેમાં કામ કરવા નથી ઈચ્છતા. ઉલ્લેખનીય છે કે, થોડા વર્ષો પહેલા પણ દિલીપ જોશીએ ઓટીટી પર દર્શાવાતા કન્ટેન્ટ પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને હવે તેમણે ઓટીટીથી દૂર રહેવાનું કારણ જણાવ્યું છે. દિલીપ જોશીએ કહ્યું કે, 'જ્યારે મને તારક મહેતા કો ઉલ્ટા ચશ્મા મળી હતી, તો મેં વિચાર્યું ન હતું કે તે આટલો લાંબો સમય સુધી ચાલશે અને આટલી પોપ્યુલર થશે. આજે ઓટીટી પર કેટલુંક સારું કન્ટેન્ટ પણ જોવા મળી રહ્યું છે. જો કંઈ રસપ્રદ સામે આવે છે તો સારું છે. પરંતુ, ઓટીટી પર કારણ વિનાની આટલી ગાળો છે. એ જ મારા માટે એક ખામી છે. એ જ સમસ્યા છે. હું ગાળો નહીં બોલી શકું. ઘણા સારા શોઝ છે, જેમાં મોટા પ્રમાણમાં ગાળો પણ છે. પરંતુ ખબર નથી કેમ તે મેકર્સની પ્રાથમિકતા છે. દિલીપ જોશીએ જણાવ્યું કે, તેમને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' પહેલા 'કોમેડી સર્કસ'ની ઓફર થઈ હતી. પરંતુ, તેમણે તેને એટલા માટે નકારી દીધી કે, તેમાં અશ્લીલ જોક્સ પણ કેક કરવામાં આવતા હતા. દિલીપ જોશીએ કહ્યું કે, 'મારી પાસે ઘણા વર્ષો સુધી કામ ન હતુંઅને એ શોમાં મને સારા રૂપિયા પણ મળી રહ્યા હતા. પરંતુમેં તે શોન કર્યો, કેમકે હું એવું કામ કરવા ઈચ્છું છું કે જેને હું પરિવાર સાથે બેસીને જોઈ શકું.'

ગોવિંદાની પત્નીએ મહાકાલ મંદિરના ગર્ભગૃહમાં પર્સ સાથે કરી એન્ટ્રી

મંદિરના અંદરથી સુનીતા આહુજાની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહી છે, ગર્ભગૃહમાં પર્સ લઈ ગયા બાદ મચી બબાલ

મુંબઈ, એક્ટર ગોવિંદાની પત્ની સુનીતા આહુજા મોટા વિવાદમાં ફસાઈ ગઈ છે. સુનીતા તાજેતરમાં જ ઉજ્જૈનમાં આવેલા મહાકાલ મંદિરમાં દર્શન કરવા ગઈ હતી. પરંતુ, મંદિરના ગર્ભગૃહમાં તે પર્સ લઈને જતી રહી હતી. તેના પર બબાલ મચી ગઈ છે. મંદિરના અંદરથી સુનીતા આહુજાની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહી છે. હકીકતમાં, ઉજ્જૈન મહાકાલ મંદિરનો એક મુખ્ય નિયમ છે કે, કોઈપણ ભક્તને ગર્ભગૃહની અંદર બેગ લઈને જવા દેવાતા નથી. આ રીતે બેગ લઈને પ્રવેશ વર્જિત છે. પરંતુ, વાયરલ તસવીરોમાં મંદિરના ગર્ભગૃહમાં ઊભેલી સુનીતાના હાથમાં પર્સ જોવા મળી રહ્યું છે. સુનીતાએ પણ દર્શન કર્યા પછી કેટલીક તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. લોકો એ જોઈને આશ્ચર્યમાં છે કે, આખરે સુનીતા આહુજાને પર્સ લઈને અંદર જવાની મંજૂરી કઈ રીતે મળી? મંદિર સમિતિના કોઈ પણ સભ્યએ તેને રોકી કેમ નહીં? વાયરલ તસવીરોમાં સુનીતા આહુજાની સાથે મંદિરના પંડિત પણ જોવા મળી રહ્યા છે. આ ઘટના પછી મંદિરની સુરક્ષા સામે પણ સવાલ ઉભા થયા છે, કેમકે આ રીતે તો કોઈપણ કંઈપણ લઈને મંદિરની અંદર ઘૂસી શકે છે. આ મામલો સંબંધિત અધિકારીઓ સુધી પણ પહોંચી ગયો અને ઘણી બબાલ મચી છે. મહાકાલ મંદિરના વ્યવસ્થાપક સંદીપ સોનીએ કહ્યું કે, પર્સને અંદર કેમ લઈ જવા દેવાયું, એ મામલે આગળની કાર્યવાહી સીસીટીવી ફુટેજ જોયા પછી જ કરાશે. સંદીપ સોનીએ જણાવ્યું કે, મંદિરની બહાર એક સુરક્ષા ટીમ તૈનાત હતી, જેને નિર્દેશ અપાયો હતો કે, મંદિરની અંદર કોઈને પણ બેગ કે પર્સ લઈને જવા દેવામાં ન આવે. સંદીપ સોનીએ કહ્યું કે, જેણે પણ ભૂલ કરી હશે, તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, મંદિરની સુરક્ષાની જવાબદારી ૧ એપ્રિલથી મહારાષ્ટ્રની ક્રિસ્ટલ ઈન્ટ્રીગેટેડ સર્વિસીઝ પ્રા.લિને સોંપવામાં આવી છે. આ એજન્સી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, તુળજા ભવાની મંદિર, એચડીએફસી બેક, ફિનિક્સ મોલ, મુંબઈ એરપોર્ટ અને શાહરૂખના બંગલા 'મન્નત'ની સુરક્ષાની જવાબદારી પણ સંભાળે છે. મહાકાલેશ્વર મંદિરની સુરક્ષા માટે આ એજન્સીના ૫૦૦ ગાર્ડ ૨૪ કલાક તૈનાત રાખવાનો કોન્ટ્રાક્ટ કરવામાં આવ્યો છે. બે વર્ષ માટે આ કોન્ટ્રાક્ટ ૨૦ કરોડ રૂપિયામાં આપવામાં આવ્યો છે.

અભિનેત્રી નેહા ધૂપિયા લગ્ન પહેલા પ્રેગ્નેન્ટ હતી

મુંબઈ, બોલિવુડ એક્ટ્રેસ નેહા ધૂપિયા એવી અભિનેત્રીઓ પૈકીની એક છે જે લગ્ન પહેલા જ ગર્ભવતી હતી. નેહા ધૂપિયાએ એક્ટર અંગદ બેદી સાથે લગ્ન કર્યા છે. નેહા અને અંગદે ૨૦૧૮ના મે મહિનામાં ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા. નેહા અને અંગદે લગ્ન કર્યા પછી સોશિયલ મીડિયા પર જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા હતા. નેહાએ નવેમ્બર મહિનામાં દીકરી મહેરને જન્મ આપ્યો હતો. જ્યારે તેમના દીકરા ગુરીકનો જન્મ ૨૦૨૧માં થયો છે. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં નેહાએ ખુલાસો કર્યો છે કે, તેની પ્રેગ્નેન્સી વિશે જાણીને તેના પેરેન્ટ્સની શું પ્રતિક્રિયા હતી. લગ્ન પહેલા પ્રેગ્નેન્ટ થયેલી નેહાએ આ વાતની જાણ તેના પરિવારને કઈ રીતે કરી હતી તેનો ખુલાસો કર્યો છે. નેહાએ કહ્યું, અમારા સામાન્ય લગ્ન નહોતા. અમે લગ્ન પહેલા જ પ્રેગ્નેન્ટ હતા. એટલે જ્યારે હું અને અંગદ મારા માતાપિતાને આ વિશે વાત કરવા ગયા ત્યારે તેમણે કહ્યું કે, 'સરસ. પરંતુ તમારી પાસે ૭૨ કલાક છે નહીં તો અમે અમારો વિચાર બદલી નાખીશું. જલ્દી લગ્ન કરી લો'. મને મુંબઈ પાછા જઈને લગ્ન કરવા માટે ફક્ત અઢી દિવસનો સમય આપવામાં આવ્યો હતો. નેહા લગ્ન પહેલા પ્રેગ્નેન્ટ થતાં સોશિયલ મીડિયા પર તેની ખાસ્સી ટીકા પણ થઈ હતી. આ વિશે વાત કરતાં તેણે આગળ કહ્યું, "મારા નિર્ણયથી કોઈની લાગણીઓ નહોતી દુભાઈ અને તમે જે ઈચ્છો છો તે કરવામાં કંઈ ખોટું પણ નથી. જુઓ આજે અમે ખુશી છીએ."

સ્વાસ્થ્ય સેવા અને માનવતાના અભીગમ સાથે

જૂનાગઢમાં શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત સેવા સેતુ નિદાન કેન્દ્રનો આવતીકાલથી શુભારંભ

અતિઆધુનિક હાઈટેક મશીનરીથી સુસજ્જ લેબોરેટરી તથા એકસ-રે કેન્દ્રમાં રાહતદરે સચોટ રિપોર્ટ આપવાનું એક માત્ર સ્થળ એટલે સેવા સેતુ : લોકોને લાભ લેવા અનુરોધ

(જગડુશા ડી. નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા.૨૦

વર્તમાન સમયમાં મોંઘવારીનું આકમણ એટલી હદે વધી ગયું છે કે જરૂરીયાતમંદ લોકોને જીવવું મુશ્કેલ થઈ ગયું છે. આ સાથે જ વધતી જતી મોંઘવારી સામે આરોગ્ય સેવા મેળવવી તે પણ ખુબ જ કઠીન કાર્ય છે. ત્યારે આવા કપરા સમયમાં જૂનાગઢ અને આસપાસના લોકોને અતિઆધુનિક સેવાથી સજ્જ એવા સેવા સેતુ નિદાન કેન્દ્રમાં રાહતદરે સચોટ રિપોર્ટ આપવા માટેની સેવા શરૂ કરવામાં આવી રહી છે. જાણીતા એમડી કન્સલટીંગ પેથોલોજીસ્ટ ડો. નિરજ મૈયડના માધ્યમથી આવતીકાલે સેવા સેતુ નિદાન કેન્દ્રનો શુભારંભ થઈ રહ્યો છે ત્યારે જૂનાગઢની જનતાને આરોગ્ય ક્ષેત્રે વધુ એક સારી સુવિધા પ્રાપ્ત કરવાનો અનેરો અવસર મળ્યો છે અને તે પણ રાહતદરે વિવિધ રિપોર્ટ કરી આપવામાં આવશે ત્યારે શ્રી સેવા સેતુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સેવા સેતુ નિદાન કેન્દ્રના આયોજકોને અનેક સેવાભાવી સંસ્થાઓએસહયોગ આપી અને આસેવાના કાર્યને બિરદાવેલછે. જૂનાગઢ તથા આસપાસના વિસ્તારના લોકોને સારી આરોગ્યસેવાઓ પૂરીપાડવાના હેતુથી રાહત દરે સચોટ રિપોર્ટ માટે અતિ આધુનિક ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડની લેબોરેટરી તથા એકસ-રે સેન્ટરનો શુભારંભ સેવા સેતુ ચેરીટેબલટ્રસ્ટ દ્વારા આવતીકાલ તારીખ ૨૧-૫-૨૦૨૩ રવિવાર સવારે ૯ વાગ્યે સેવા સેતુ નિદાન કેન્દ્રનો શુભારંભ થશે. આ સેવા સેતુ નિદાન કેન્દ્રમાં એકદમ રાહત દરે બધા જ લેબોરેટરી રિપોર્ટ કરવામાં આવશે ગરીબ દર્દીઓ તથા જરૂરિયાતમંદ લોકો સુધી હાઈ સ્ટાન્ડર્ડ લેબોરેટરી ટેસ્ટ, એક્સ રે વગેરેની સુવિધા પહોંચી શકે તેવા ઉમદા હેતુથી આ સેવા સેતુ નિદાન કેન્દ્રનો પ્રારંભ થઈ રહ્યો છે. જે ૨૪ કલાક કાર્યરત રહેશે જેમાં વિવિધ હેલ્થ ચેકઅપપ્લાન તથા હોમ કલેકશનની સુવિધા ઉપલબ્ધ રહેશે. સેવા સેતુ નિદાન કેન્દ્રમાં જૂનાગઢની તમામ સેવાભાવી સંસ્થાઓ આ સેવા યજ્ઞમાં જોડાયેલ છે. આ પ્રસંગે પ્રખ્યાત યુટ્યુબર અને સેવા ભાવી વ્યક્તિત્વ ધરાવતા ખજુરભાઈ(નીતિનભાઈ જાની) પણ પોતાની હાજરી આપી આ સેવામાં સેતુ રૂપ બનશે. આ સેવા સેતુ નિદાન કેન્દ્રમાં ડોક્ટર નીરજ મૈયડ(એમ.ડી. પેથોલોજી, બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદ) તેમની હિમોટોલોજી, સિરોલોજી, ઈમ્યુનોલોજી, હિસ્ટોલોજી તથા એલર્જીરિલેટેડ કુશળતાનો લાભ લોકોને આપશે. આ સેવાના કાર્યમાં દરેક લોકોએ જોડાઈ તથા આ નિદાન કેન્દ્રની માહિતી દરેક વ્યક્તિ સુધી પહોંચાડે તેથી આ સેવા સેતુ નિદાન કેન્દ્રનો લાભ દરેક વ્યક્તિ લઈ શકે. તેવા શુભ હેતુથી આ સેવા કેન્દ્રનો પ્રારંભથઈ રહ્યો છે. જૂનાગઢમાં બસ સ્ટેશનના બીજા ગેટની સામે, શિવ શક્તિ ટ્રાવેલ્સ વાળી ગલી, લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી, શિવ મંદિર ની બાજુમાં, જૂનાગઢ ખાતે મુખ્ય બ્રાંચ શરૂ કરવામાં આવી રહી છે. વધુ વિગત માટે મો.૮૮૬૬૮૭૬૬૦૦, ૮૮૬૬૯૦૩૩૦૦નો સંપર્ક સાધવા જણાવેલ છે. જયારે ઝાંઝરડાબ્રાંચ શુભમ હોસ્પિટલ કોમ્પલેક્ષ પહેલા માળે શરૂ કરવામાં આવી રહી છે. જેમાં મો.૮૮૬૬૯૧૩૩૦૦ ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે.

પુ. મુકતાનંદજી બાપુના પ્રાગટય દિન નિમિતે ભેંસાણ ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ જિલ્લાના ભેસાણ શહેર ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ભેસાણ શહેર ખાતે અગ્નિ અખાડાના સભાપતિ, અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ જનકલ્યાણ અને લોક કલ્યાણના પ્રણેતા, ક્રાંતિકારી સંત પરમ પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુના ૬૫ માં પ્રાગટ્ય દિવસ નિમિત્તે ભેંસાણ શહેરની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન થયેલ હતું. આ ભગીરથ કાર્ય અને સદ્ કાર્ય કરનાર રક્તદાન ટીમના યુવાનોને આશીર્વાદ આપવા મેંદરડાથી ખાખી મઢીના મહંત શ્રી સુખરામજી બાપુ, શ્રી અમૃતાનંદજી બાપુ, શ્રી જટાબાપુ બરવાળા વગેરે સાધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા તેમજ વિસાવદર -ભેંસાણના ધારાસભ્ય ભુપતભાઈ ભાયાણી અધ્યક્ષ સાથે રક્તદાન કેમ્પને ખુલ્લો મુકાયો હતો. ધારાસભ્યએ યુવાનોની મહેનતને બિરદાવી અભિનંદનપાઠવેલા હતા. તેમજ આ કેમ્પમાં નામચીન પત્રકારો ગોપાલભાઈ ભેસાણીયા, રેનીશભાઈ મહેતા, મહેશભાઈ કથીરિયા અરૂણભાઈ મહેતા, ધર્મેન્દ્રભાઈ તેરૈયા (મુંબઈ) સી.વી. જોશી (વિસાવદર) પંકજભાઈ વેગડા અને બધી જ સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે જૂનાગઢ જિલ્લા પંચાયત ICDS ચેરમેન ના પ્રતિનિધિ તરીકે અનુભાઈ ગુજરાતી, ભેંસાણ તાલુકા પંચાયત સદસ્ય ગાંડુભાઈ કથીરિયા, ભેંસાણ તાલુકાના અગ્રણી જશકુ બાપુ સેખવા, તાલુકા હેલ્થ ઓફિસર, મહિલા અને બાળ વિકાસ અધિકારી ભેંસાણ, સરકારી ડોક્ટર તથા વિસાવદર ખાસ મનોજભાઈ વિકમા વિભાગીય પ્રમુખ રા. બ્રા. જ્ઞાતિ સેવા સંઘ, ભાનુભાઈ જોશી - આનંદધારા પ્રોજેક્ટ વાળા તથા ભેસાણ તાલુકાનાં અગ્રણીઓ, ગ્રામજનો ભાઈઓ તથા બહેનો બહોળી સંખ્યામાં જોડાયા હતા સાથેસાથે ભેંસાણ સરકારી હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફે સહકાર આપેલહતો. આ ભવ્યરક્તદાન કેમ્પને સફળ કરવા અને પૂજ્ય મુક્તાનંદજી બાપુના પ્રાગટ્ય દિવસને સફળ બનાવવા માટે અમિતભાઈ વેગડા, નિતીનભાઈ જોશી જગદીશભાઈ રવિયા, અસ્વીનભાઈ ભુવા, પંકજભાઈ વેગડા, અરૂણભાઈ મહેતા, અમિતભાઈ સાકળિયા, કિશનભાઈ શીલુ, આર્યનભાઈ શીલુ, પરેશભાઈ પંડ્યા,બાલુભાઈ નાગાણી (સુરત), ગજેન્દ્રભાઈ ડોડીયા વગેરે યુવાનોના અથાર્ગ મહેનત અને પરિશ્રમથી ૧૦૧ બોટલ રક્તદાન એકઠું થયેલ હતું અને મેંદરડાથી પધારેલ પરમ પૂજ્ય શ્રી સુખરામ બાપુએ રક્તદાતાઓ અને આયોજકોને બિરદાવ્યા હતા અને અભિનંદન પાઠવ્યા હતા અને આપણા દેશની અંદર રક્તનું કેટલું મહત્વ અને કેટલી જરૂરિયાત છે તેના વિશે વાતો કરી હતી. આ તકે રક્તદાન ટીમના તમામ સભ્યોએ ભેંસાણ તાલુકાની જનતાને અભિનંદન પાઠવ્યા હતા અને રક્તદાન કેમ્પ ભવ્યથી ભવ્ય રીતે ઉજવાયો હતો.

જૂનાગઢનાં શનિદેવ મંદિરે શનિદેવ જન્મોત્સવની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ ભવનાથ તળેટી ખાતે આવેલ શનિદેવનાં મંદિરે મહંત પૂ. તુલસીનાથ બાપુ દ્વારા શનિદેવનાં જન્મોત્સવની ઉજવણી કરવામાં આવેલી. જેમાં શનિદેવનુ પૂજન અને મહાયજ્ઞ, ભોજન પ્રસાદ ભાવિકોને અપાયો હતો. આ પ્રસંગે વિહાર હોટલનાં સંચાલક નવીનભાઈ ગઢીયા, યોગીભાઈ પઢીયાર, અશોકભાઈ ભટ્ટ, નિવૃત ડીવાયએસપી જે.કે. ઝાલા, નિલેશભાઈ સોનારા, કમલ ઠુંમર સહિતનાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

વંથલી ખાતે વરલી મટકાના જુગાર અંગે બે ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૦

વંથલી પલીસે ચોક્કસ બાતમીના આધારે જુગાર અંગે દરોડો પાડતા વરલી મટકાના જુગાર અંગે બે શખ્સોને રૂા.૧૩,૦૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે. જયારે મટકાના કપાત અંગે અન્ય એક શખ્સ રેડ દરમ્યાન હાજર નહી મળી આવતા કુલ ત્રણ સામે પોલીસે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં નગરશેઠની હવેલી દેવમંદિર ખાતે સર્વજ્ઞાતીય નિઃશુલ્ક હોમીયોપેથીક નિદાન અને સારવાર કેમ્પ યોજાયો

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ પંચહાટડી ચોકમાં આવેલ જલારામ મંદિર સંચાલીત નગરશેઠની હવેલી દેવમંદિર ખાતે લોહાણા મહાજન જૂનાગઢ, જલારામ મંદિર જૂનાગઢ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી જૂનાગઢ જીલ્લા શાખા તથા સર્વોદય બ્લડ બેંક ટ્રસ્ટ જૂનાગઢનાં સંયુક્ત ઉપક્રમે સર્વજ્ઞાતિય દર્દીઓનાં લાભાર્થે નિઃશુલ્ક હોમીયોપેથીક નિદાન તથા સારવાર કેમ્પ યોજાયો હતો. જેનો જરૂરીયાતમંદ અનેક દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં દર્દીઓને દવાઓ વિના મુલ્યે આપવામાં આવી હતી. આ કેમ્પમાં ડો. પાયલ વળીયા, ડો. મોનીકા હાલારી, ડો. ક્રિષ્ના કથીરીયા, ડો. ખુશ્બુ ગોસ્વામીએ નિઃશુલ્ક સેવા આપી હતી. આ કેમ્પમાં દવાની વ્યવસ્થા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા કરવામાં આવી હતી.

જૂનાગઢ : દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા સંસ્થામાં પ્રવેશ મેળવવા ઈચ્છતા યતીમ બાળકોએ સંપર્ક સાધવો

(પ્રતિનિધિદ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ શહેરમાં આવેલી દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા સંસ્થા યતીમખાનામાં જૂનાગઢ તેમજ આસપાસનાં ગામડાનાં યતીમ બાળકો દીની તથા દુન્યવી તાલીમ લઈ રહયા છે. આ સંસ્થામાં યતીમ બાળકોને રહેવા, ખાવા-પીવા, દવા, સ્કુલ, ટયુશનની ઉત્તમ સગવડ આ સંસ્થા તરફથી ફ્રી આપવામાં આવેછે. આ સંસ્થામાં યતીમ (અનાથ) બાળકોનું ભવિષ્ય ઉજજવળબને તેમાટે કોમ્પ્યટર કોર્ષ, એમ્બ્રોઈડરી કોર્ષ, સીલાઈ કોર્ષ, મીકેનીક વગેરે ટ્રેડ પણ શીખડાવવામાં આવે છે. આ સંસ્થામાં મુસ્લીમ સમાજનાં યતીમ બાળકો પ્રવેશ મેળવવા ઈચ્છતા હોય તેવા બાળકોનાં વાલીએ બાળકનાં પિતાનું મરણ સર્ટીફીકેટ, કુપનની ઝેરોક્ષ સાથે લાવી સંસ્થાની ઓફીસ દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા (યતીમખાના) ઈમામ અહમદ રઝા રોડ, બુકર ફળીયા, જૂનાગઢનો તા. ૧-૬-૨૧ બાદ એડમીશન માટે સંપર્ક કરવા જણાવાયું છે તેમ દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફાનાં પ્રમુખ હાજી હનીફભાઈ જેઠવાની યાદીમાં જણાવાયું છે.

અત્રે નોંધનીય છે કે ૧૩-૫-૧૯૯૦નાં રોજ અમીરે એહલે સુન્નત, ખલીફએ હુઝુર મુફતીએ આઝમે હિન્દ, પીરે તરકીત, હઝરત અલ્લામાં, પીર નુરમોહંમદ બાપુ મારફાની દારૂલ યતામા અન્વારૂલ મુસ્તફા (યમીતખાના)ની સ્થાપના કરેલ. આ સંસ્થા પીરે તરીકત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહેબ નુરીની સરપરસ્તીમાં ચાલી રહી છે.

શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજનદેવ દાદાને મોગરાના ફૂલોનો દિવ્ય શણગાર

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૦

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા તથા સદગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામીના આશીર્વાદથી સાળંગપુરમાં રાજાધિરાજપણે પ્રગટ બિરાજતા શ્રી કષ્ટભંજન દેવના દર્શન-સેવા-માનતા રાખનારનાં કષ્ટો દૂર કરે છે. કોઈ હઠીલા ભૂત-બ્રહ્મરાક્ષાસ ન માને તો સ.ગુ.શ્રી ગોપાળાનંદ સ્વામીની લાકડીનો છેડો જળમાં બોળીને કરેલ પ્રસાદીભૂત જળ છાંટવાથી ગમે તેવા બલિષ્ઠ પ્રેતાદિક બળવા લાગે છે અને સદાને માટે ભાગી જાય છે એટલું જ નહીં, તે ભૂતપ્રેતનો પણ ઉદ્ધાર કરે છે. અહીં નાતજાત જોયા વગર, ભેદભાવ ટાળીને દાદા સૌ પ્રત્યે એક સમાન પ્રેમ વરસાવી સુખિયા કરે છે. મેલી વિદ્યા વગેરેના ત્રાસથી લાખો રૂપિયાના ખોટા ખર્ચા કરતાં જીવોને જયારે સાળંગપુરના દાદાનો આશ્રય મળે ત્યારે નિષ્કામ સેવાધર્મ બજાવતા દાદાનો પ્રગટ અમાપ પ્રતાપ પામીને જીવ પોતાને ધન્યભાગી માની સદાદાદાના ઉપાસક બની સાચા ભકતો બને છે અને આર્થિક-દૈહિક સર્વ દુઃખોથી મુકત બને છે.

જમવા માટે દાદાનો દરબાર નાતજાત જોયા વગર સદાને માટે ખુલ્લો રહે છે. એજ પ્રમાણે સૌને ઉતારા-પાણીની યોગ્ય વ્યવસ્થા આપવામાં આવે છે. અરે, વિશિષ્ટતા તો એ છે કે પશુ-પંખી પણ પ્રેતયોનિને પામેલાં હોય છે, જે માનવોને વળગે છે. દાદા કષ્ટભંજન દેવ એને મનુષ્યની વાચા આપે છે.તેની વાત સમજીને યથાયોગ્ય મુકિત આપે છે. દાદા આગળ બેસીને મનની જે કાંઈ મૂંઝવણ હોય તે રજૂ કરે અને દાદાની શણાગતિ સ્વીકારે તો દાદા ખુદદૂત દ્વારા બોલેછે કે મારે શરણે આવેલ હરકોઈ જીવને હું સદ્ગતિ આપું છું આમ, આધિ-વ્યાધિ-ઉપાધિથી જીવ આ લોક-પરલોકમાં પરમ સુખના ભોકતા બને છે. વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ એવં શતામૃત મહોત્સવ સાળંગપુરધામ ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શનિવાર નિમિત્તે તા.૨૦-૦૫-૨૦૨૩ના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય વાઘા ધરાવી સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા ૭:૦૦ કલાકે શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી(અથાણાવાળા)દ્વારા કરવામાં આવેલ. દાદાના સિંહાસનને મોગરો-કમળ-ગુલાબ વિગેરે ફૂલોનો દિવ્ય શણગાર કરવામાં આવેલ. જેના દર્શન-આરતીનો લાભ હજારો હરિભક્તો લઈ ધન્યતા અનુભવી હતી.

દ્વારકાધીશને સોનાનો હાર અને ચાંદીનું છત્ર અર્પણ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૦

યાત્રાધામ દ્વારકામાં તારીખ ૧૯-૫-૨૦૨૩ના પવિત્ર દિવસે શ્રી દ્વારકાધીશજીના પરમ ભક્ત રોનક કમલેશભાઈ પટેલ પરિવાર મુ. અમદાવાદ દ્વારા શ્રીજીને સોનાનો હાર (અંદાજે ૩૦ ગ્રામ સોનુ) અને ચાંદીનું છત્ર (અંદાજે ૬૦૦ ગ્રામ ચાંદી) અર્પણ કરવામાં આવ્યા છે.

જૂનાગઢમાં હુઝુર અમીરે અહલે સુન્નતનો રપમો ઉર્ષ શરીફ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ ખાનકાહે રઝવિય્યાહ નુરિય્યાહ દ્વારા જૂનાગઢની ધરતી ઉપર મખ્દુમે સૌરાષ્ટ્ર અમીરે અહલે સુન્નત, શૈખેતરીકત, મખ્ઝને રૂહાનીયત, હઝરત અલ્લામાં પીર નુરમહંમદ મારફાની સાહબ ખલીફે હુઝુર મુફતીએ આઝમે હિન્દ રહમતુલ્લાહી તઆલા અલયહનો રપમો વાર્ષિક ઉર્ષ શરીફ પીરે તરીકત હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં પીર ગુલઝાર અહમદ સાહેબ નુરી સજ્જાદાનશીન ખાનાકોહે રઝવિય્યાહ નૂરીય્યાહની ઝેરે સદારતમાં એ આલિય્યાહ હુઝુર અમીરે અહલે સુન્નત તથા મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં શાનો શૌકત સાથે મનાવવામાં આવેલ જેમાં સાંજે અસરની નમાઝબાદ આસ્તાન એઅમીરે અહલે સુન્નત ઉપર ખત્મે કુરઆનખ્વાની, સલાતોસલામ, ઝિક્ર શરીફ બાદ જાનશીને પીરો મુર્શીદ હુઝુર ગુલઝારે મિલ્લત મદઝિલ્લહુલ આલીએ આલમે અમનો સુકુનની દુઆ ફરમાવી હતી. આ ઉર્ષ શરીફનાં મૌકા ઉપર ગુજરાત સ્ટેટ કોઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંક)નાં ચેરમને અને નેશનલ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેન્કસ ફેડરેશન લી. મુંબઈનાં ચેરમેન, ભારતના સહકારી ક્ષેત્રનાંટોચનાં નેતા ડોલરભાઈ કોટેચા, લલીતભાઈ ચાવડા, ફીશરીઝ કોલેજ વેરાવળનાં પ્રિન્સીપાલ ડો. એસ.આઈ. યુસુફઝઈ, એમ.ડી. ફીઝીશ્યન ડો. મોહસીન આર. લુલાણીયા, જબ્બારભાઈ છુટાણી-બોમ્બે, તૌફીકભાઈ છુટાણી-બોમ્બે, જૂનાગઢ મનપાનાં કોર્પોરેટરો અન્દ્રેમાનાભાઈ પંજા, અશરફભાઈ થઈમ, લતીફ બાપુ, શફીભાઈ બંગાલી, વહાબભાઈ કુરેશીનું શાલ ઓઢાડી ફુલહારથી સન્માનીત કરવામાં આવેલ. સાંજે મગરીબની નમાઝ બાદ મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં હુઝુર ગુલઝારે મિલ્લત મદઝિલ્લહુલ આલીએ તિલાવતે કુરઆને મજીદ, ખત્મ શરીફ, શજરા શરીફથી ઉર્ષે પાકના જલ્સાની શરૂઆત કરેલ. ત્યારબાદ મર્કઝે એહલેસુન્નતાનાં ખતીબોઈમામ, અતાએ હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત હાફીઝો કારી મુહમંદ સાબીર રૂલ કાદરીએ બહેતરીન અંદાજમાં હુઝુર સરકાર અમીરે અહલે સુન્નતની હયાતે ઝિન્દગી કરામતો ઉપર શાનદાર બયાન ફરમાવ્યું હતું.

આ ઉર્ષ શરીફનાં મુબારક મૌકા ઉપર માહીરે ઉલુમે શરીઅત હઝરત મુફતી હસીબુર્રહમાન સાહેબ નુરી તથા નવાસએ હુઝુર અમીરે અહલે સુન્નત હઝરત મુફતી મુનવ્વર રઝા સાહેબ-ધોરાજી તથા દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફાના તમામ મુદર્રીસો તથા મોટી સંખ્યામાં ઉલ્માએ કિરામ, સાદાતો ઝવિલ એહતરામ, મસ્જીદોનાં ઈમામ સાહેબો, મરીદીન તથા મોઅતકેદીઓને હાજરી આપી હતી તેમ દારૂલ ઉલમ અન્વારે મુસ્તફાની યાદીમાં જણાવાયું છે.

ભેંસાણનાં પસવાડા ગામની મંદિરની ચોરીમાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

ભેંસાણ તાલુકાનાં પસાવડા ગામાં આવેલ મહાકાળી માતાજીનાં મંદિરનું દાનપેટીનું તાળુ તોડી એક હજાર રૂપિયાની ચોરીનાં ગુનામાં નાસતો ફરતો આરોપી અલ્તફા સલીમભાઈ જુણેજા (રહે. સાવરકુંડલા) ને વંથલી તાલુકાનાં દિલાવરનગરમાંથી જૂનાગઢ ક્રાઈમ બ્રાંચે ઝડપી લીધો હતો.આ કામગીરીમાં જૂનાગઢ ક્રાઈમ બ્રાંચનાં ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ, પીએસઆઈ જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા, નિકુલ પટેલ, જીતેષ મારૂ વિગેરે સ્ટાફ જોડાયેલ હતો.

માળીયા પોલીસ સ્ટેશનનાં ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૨૦

માળીયા પોલીસ સ્ટેશનનાં ગુનામાં બે વર્ષથી નાસતા ફરતા આરોપી ગૌરાંગ ઉર્ફે વિજયસિંહ પ્રહલાદભાઈ રાવલને મહેસાણાથી પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લીધો હતો. આ કામગીરીમાં ક્રાઈમ બ્રાંચનાં ઈન્ચાર્જ પીઆઈ જે.જે. પટેલ, પેરોલ ફર્લો સ્કોવડનાં પીએસઆઈ વી.કે. ઉંજીયા, ઉમેશભાઈ વેગડા, સંજયભાઈ વઘેરા, પુનાભાઈ હુંણ, દિનેશભાઈ છૈયા, જયેશભાઈ બામણયા તથા મહેસાણા એલસીબીનાં પોલીસ સ્ટાફ જોડાયેલ હતો.

આનંદો

જુનના પ્રથમ સપ્તાહમાં ચોમાસું સક્રિય થશે અને બીજા સપ્તાહમાં વરસાદની શકયતા

ગઈકાલે શુક્રવારે જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે લુ ફેંકાતા જન જીવન પ્રભાવીત

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

છેલ્લા એક માસ ઉપરાંતથી ગરમીના આકમણની સામે પ્રભાવિત થયેલા જન જીવનને હવે ગરમીના દિવસો ટુંક સમયમાં પુરા થવાના છે તેવા સારા સમાચાર મળી રહ્યા છે. આગામી જુનના પ્રથમ સપ્તાહમાં ચોમાસું સક્રિય બનાવાનું છે અને જુનના બીજા સપ્તાહથી વરસાદની શરૂઆત થવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

ઉનાળાના સપ્ત ગરમીના આકમણ વચ્ચે હાલ જન જીવન ખુબ જ પ્રભાવિત થયું છે. ગઈકાલે એક જ દિવસમાં તાપમાનનો પારો ૧.૮ ડિગ્રી વધી જતા તાપમાનનો પારો ૪૦.૩ ડિગ્રીએ પહોંચી ગયો હતો અને ૮ કિલોમીટરની ઝડપે પવન સાથે લુ ફેંકાતા સપ્ત ગરમી વચ્ચે લોકો અકળાયા હતા. જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાય દિવસથી ગરમીમાં આંશીક ઘટાડો થયો હતો પરંતુ ગઈકાલે શુક્રવારે ગરમીનો પારો ૪૦.૩ ડિગ્રી પહોંચી ગયો હતો અને આ સાથે જ પવન સાથે લુ ફેંકાઈ હતી. જેના કારણે બપોરના સમયે અંગ દઝાડતી ગરમી વચ્ચે જન જીવન પ્રભાવિત બન્યું હતું. અંગ દઝાડતી આ ગરમી વચ્ચે રસ્તા ઉપરથી પસાર થવું કે વાહન લઈને પસાર થવું ભારે મુશ્કેલ બન્યું હતું. લુથી બચવા લોકોએ પહેરેલા ચશ્મા, ટોપી, મોઢે બાંધેલા કપડા, હાથ મોજા પણ કારગત નિવડયા ન હતા અને અંગ દઝાડતી ગરમીથી લોકો ત્રસ્ત બની ગયા હતા. મોટાભાગના લોકો લુથી બચવા બારી બારણા બંધ કરી દીધા હતા અને ઘરમાં જ રહેવાનું મુનાસીબ માન્યું હતું. ગરમીના આ દિવસોમાં એસી તથા પંખા તથા કુલરનો ખુબ જ ઉપયોગ થવા પામ્યો છે. ગઈકાલે ૪૦.૩ ડિગ્રી ગરમી પડી હતી. ભેજનું પ્રમાણ ૮૦ ટકા અને બપોરના સમયે ૩૭ ટકા તેમજ પવનની ઝડપ ૮ કિલોમીટર પ્રતિ કલાકની રહેવા પામી હતી. આ વખતનો ઉનાળો આગ બનીને વરસ્યો છે ત્યારે લોકોને ભારે હાલાકી પડી રહી છે. લુલાગવાના બનાવો, તાવ સહિતના રોગચાળો પણ વ્યાપક બની રહ્યો છે. ઘણા કેસો નોંધાયા છે. દરમ્યાન ગરમીના દિવસો હવે અંતિમ તબક્કામાં પહોંચી ગયા હોવાનું હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના ધિમંત વઘાસીયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, મે માસ પુરો થતા જ જુનના પ્રથમ સપ્તાહમાં ચોમાસું સક્રિય થશે અને બીજા સપ્તાહમાં વરસાદની સંભાવના છે. આમ આ વર્ષે પણ ચોમાસાનો વર્ષો જુનો રેકોર્ડ કે ૧૫ જુનની આસપાસ દર વર્ષે ચોમાસુ બેસી જતું હોય આ વર્ષે પણ જુનના બીજા સપ્તાહથી વરસાદની શરૂઆત થવાની આગાહી કરવામાં આવી છે.

મંગળવારે આકાશમાં ચંદ્ર-શુક્રની યુતિ નજીકતાના દર્શન

આકાશમાં મિથુન રાશિમાં પશ્ચિમ ક્ષિતિજે જોવા મળશે : રાત્રીના ૮ કલાક ૫૧ મિનિટે ૨ અંશે જોવા મળશે : અવકાશી નજારો નિહાળવા વિજ્ઞાન જાથાની અપીલ



(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ તા.૨૦

આકાશમાં સમયાંતરે ખગોળીય ઘટના બને છે. શોધાયેલા ગ્રહો અને વણશોધાયેલા ગ્રહો સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. આકાશમાં મિથુન રાશિમાં ૨ અંશ ડિગ્રીએ પશ્ચિમ ક્ષિતિજે મંગળવાર તા. ૨૩ મી એ રાત્રિના ૮ કલાક ૫૧ મિનિટે ચંદ્ર-શુક્રની યુતિ નજીકતા, કલોઝ એકાઉન્ટરના દર્શનનો અદભુત અવકાશી નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે મંગળવાર રાત્રિના ૮ કલાક ૫૧ મિનિટે પશ્ચિમ ક્ષિતિજે બે અંશે ચંદ્ર-શુક્રની બંને મિથુન રાશિમાં નજીકતાના દર્શનનો અદભુત નજારો જોવા મળશે. એકબીજાને મળવા આતુર હોય તેવા નજારો નરી આંખે, દૂરબીન કે ટેલીસ્કોપથી જોઈ શકાશે. આ અવસરનો લાભ લેવાનું ચૂકશો નહિ. ઘરની અગાસી કે નર્જનિ જગ્યાએથી આહલાદ જોઈ શકાશે. ખગોળીય ઘટના જોવા માણવા માટે હોય છે. જાથાનું દેશવ્યાપી અભિયાનમાં લોકો અવકાશ તરફ નજર કરતા થાય તે માટે દેશભરમાં આયોજનો કરવામાં આવે છે. વધુમાં જયંત પંડયા માહિતી આપતા જણાવે છે કે પૃથ્વીનો કુદરતી ઉપગ્રહ ચંદ્ર પડોશી કે મિત્રતાની વ્યાખ્યામાં આવે છે. ચંદ્રની ગુરૂત્વાકર્ષણને લીધે સમુદ્રમાં ચડતી-ભરતી એક જાતની બ્રેકનું કાર્ય બજાવે છે. પૃથ્વીના પરિભ્રમણને તે સતત ધીમું પાડે છે માટે ચંદ્ર દૂર ખસતો જાય છે. સદીઓ પહેલા ચંદ્ર VfT ૧૫,૦૦૦ કિલોમીટર દૂર હતો ત્યારે પૃથ્વી માત્ર ૪.૮ કલાકમાં એક ચકરાવો પૂરો કરતી હતી. આજે તે ૨૪ કલાકનો સમય લે છે અને ચંદ્ર ૩,૮૪,૪૦૦ કિલોમીટર છેટે જતો રહ્યો છે. સદીઓ પછી પૃથ્વીનો પરિભ્રમણનો એક ચકરાવો પૂરો કરવા માટે ૪૭ કલાક લેવાનો છે. જેથી દિવસ બમણો લાંબો બનશે. ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતા ૨૭.૩ દિવસ લાગે છે. જયારે આકાશમાં શુક્ર એકબીજાને નજીકથી જોવાનો મળવાનો છે. શુક્ર ગ્રહ ધોળે કે બપોરના સમયે પણ આકાશમાં જોવા મળે છે. કદની અને દ્રવ્યની રીતે જોતા શુક્ર આપણી પૃથ્વીના જોડકા ગ્રહ જેવો છે. સૂર્ય ફરતે પ્રદક્ષિણા કરતા શુક્રને ૨૨૪.૭ દિવસ લાગે છે. પૃથ્વીના ૨૪૩ દિવસો બરાબર શુક્રનો VfT ૧ દિવસ ગ્રહ હોવા છતાં શુક્રને ચળકાટ-તેજસ્વીતાના કારણે અમુક તારો સમજે છે. આકાશમાં શુક્રની તેજસ્વીતાના કારણે આફિન થઈ જવાય છે. નરી આંખે જોવો ગમે છે. જાથાના પંડયા જણાવે છે કે આગામી મંગળવારે રાત્રિના ૮ કલાક ૫૧ મિનિટથી ચંદ્ર-શુક્રની નજીકતા કલોઝ એકાઉન્ટરની અવસ્થામાં નિહાળવા યાદીમાં જણાવાયું છે.

કુતરાનો આંતક : જૂનાગઢમાં મહિલા અને વડાલ નજીક બે કાળકો ઉપર શ્વાનનો હુમલો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢ શહેર અને તેનાં નજીકનાં વિસ્તારોમાં છેલ્લા ઘણા સમય થયા કુતરા કરડવાનાં અને હુમલાનાં બનાવો બની રહયા છે. દરમ્યાન જૂનાગઢ અને વડાલ નજીક બનેલા શ્વાનનાં હુમલાનાં બનાવ અંગેની વિગતો બહાર આવી છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર જૂનાગઢ શહેરનાં જોષીપરાનાં ગોમતીનંદન સોસાયટીમાં જશુમતીબેન મોકરીયા નામની મહિલા ઉપર ગઈકાલે શ્વાને હુમલો કરી અને તેને ઈજાગ્રસ્ત બનાવ્યા હતાં. આ મહિલાને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવેલ છે. જયારે જૂનાગઢ નજીક વડાલ ગામ પાસેનાં વાડી વિસ્તારમાં પણ બે બાળકો શ્વાનનાં હુમલાનો ભોગ બન્યા છે. કાર્તિક પ્રભાતભાઈ નાયક (ઉ.વ. ૨) અને જીગ્નેશ પ્રભાતભાઈ નાયક (ઉ.વ. ૪) નામનાં આ બંને સગા ભાઈઓ ઉપર ગઈકાલે કુતરાએ હુમલો કરતાં તેને ઈજાઓ પહોંચી હતી અને તાત્કાલીક ૧૦૮ને જાણ કરવામાં આવતાં ૧૦૮ મારફત ઈજાગ્રસ્તને સિવીલ હોસ્પીટલ જૂનાગઢ ખાતે સારવાર હેઠળ ખસેડવામાં આવેલ છે. જૂનાગઢ શહેર અને આસપાસનાં વિસ્તારોમાં વારંવાર થતાં શ્વાનનાં હુમલા જેમ કેરસ્તે જતા લોકોને શ્વાન દ્વારા કરડવામાં આવતાં હોય તેવા અનેક બનાવો બની રહયા છે. ત્યારે કુતરાનાં ત્રાસમાંથી લોકોને મુકિત આપવા અસરકારક પગલા ભરવાની માંગણી ઉઠવા પામી છે.

જમીનનાં ડખ્ખામાં કેશોદનાં બામણાસા ગામની સીમમાં નિંદ્રાધીન યુવાન ઉપર હુમલો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨૦

કેશોદનાં બામણાસા ગામની સીમમાં પોતાની વાડીએ સુતેલા એક યુવાન ઉપર શેઢા પાડોશીએ છરી વડે જીવલણે હુમલો કરીને મારી નાખવાનો પ્રયાસ કરતાં પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

કેશોદનાં બામણાસા ગામે રહેતા સામતભાઈ ધરણાતભાઈ નંદાણીયા (ઉ.વ. ૩૮) પોતાનાં ભાઈનાં દિકરા મોહિત અને કાકાનો દિકરો દશરથ સાથે વાડીએ માંડવી વાવવા અને પાણી વાળવા ગયા હતાં ત્યારે મોહિત અને દશરથ બંને ખાટલો લેવા ગયેલા ત્યારે સામત પાવડાનાં ટેકે સુતો હતો. તે સમયે અચાનક અંધારામાં તેનાં શેઢામાં જમીન ધરાવતા નાથા મેસુર સોલંકી નામના શખ્સે છરી વડે જીવલણે હુમલો કરીને સામતને બે ઘા ઝીંકીને નાસી ગયો હતો. બાદમાં ઈજાગ્રસ્તને સારવાર માટે જૂનાગઢ ખાનગી હોસ્પીટલમાં લાવવામાં આવતા સામતે કેશોદ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે.

આ બનાવ પાછળ અગાઉ સામતને નાથા સાથે જમીનનો વિવાદ ચાલતો હતો જે મામલે હુમલો કર્યાનું અનુમાન છે. કેશોદ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

જૂનાગઢમાં આવતીકાલે નક્ષત્ર એસોસીએટનો શુભારંભ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૦

જૂનાગઢ શહેરમાં આર્કીટેકચર ઈન્ટીરીયલ ડીઝાઈનર ક્ષેત્રે લોકોને ઉત્તમ કક્ષાની કામગીરી આપી શકાય તેવા ઉમદા હેતુ સાથે જૂનાગઢમાં આર્કીટેકચર ઈન્ટીરીયલ લેન્ડસ્કેપ ડીઝાઈનર અક્ષત ભટ્ટના માર્ગદર્શન હેઠળ આવતીકાલે ૨૧ મે ૨૦૨૩ના રોજ એપ્પલ વુડ આઈકોન, ૩૦૩, એબાઉટ વી-માર્ટ, તળાવ દરવાજા ખાતે ઓફિસનો શુભારંભ કરવામાં આવી રહ્યો છે. આ શુભ પ્રસંગે આમંત્રીત મહેમાનોને ખાસ ઉપસ્થિત રહેવા યોગેશ એ. ભટ્ટ, દિનેશ એ. ભટ્ટ, દક્ષા વાય. ભટ્ટ, દિશાણી વાય. ભટ્ટ અને અક્ષત વાય. ભટ્ટે ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે. આ નવા સાહસ શરૂ કરવા બદલ આદિત્ય એન્ટરપ્રાઈજના અશોક પુરોહિત, અનિલ પુરોહિત ઈનફીનીટ આર્કીટેકચર પુલકીત મોરડીયા, સ્વરૂપ એસોસીએટના સ્વરૂપ બાંટવીયાએ શુભેચ્છા પાઠવી છે.

જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા. ૨૦

જૂનાગઢનાં સી ડીવીઝન પોલીસ સ્ટેશનનાં ગુનામાં બે વર્ષથી નાસતો ફરતો આરોપી શૈલેષ છગનભાઈ ઉઘાડને થાનાગાલોલ ખાતેથી જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડે ઝડપી લઈ સી ડીવીઝન પોલીસને વધુ તપાસ અર્થે સોંપી આપેલ છે.

પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

પાવર સપ્લાયની વૃદ્ધિ

ડિવિઝનલ મોકિસ, ભાવનગર પરા. નં. DRM/EL/ET/BVP/2023-24/03 તારીખ 13.05.2023 વિષય: ઈ-ટેન્ડર નં. BVP-EL-P-19-2023-24. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે : ક્ર. નં. 01 ઈ-ટેન્ડર નં. : BVP-EL-P-19-2023-24. કામનું નામ : ભાવનગર ડિવિઝન : ડિસ્ટરબેન્સ મોકિસ. બાકી પાવર સપ્લાયની વૃદ્ધિ કરવાનું કામ. ટેન્ડરનું મૂલ્ય (₹): 72,14,720/- ઈએમડી (₹): 1,44,300/ બિડીંગ શરૂ થવાની તારીખ: 22.05.2023 બિડીંગ બંધ થવાની તારીખ: 05.06.2023 સેન્ટ્રલાઈઝ્ડ રેલવેનો વેબસાઈટ www.ireps.gov.in પર તા. 13.05.2023ના રોજ અપલોડ કરી દેવામાં આવેલ છે. 13

આપો અમારા સાથે: facebook.com/WesternRly

સૌરાષ્ટ્ર ભૂમિનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

અગ્રણી બિલ્ડર

પરબતભાઈ ડાંગર

મો. ૯૪૨૮૪ ૪૦૫૯૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૦૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેન્જ ઓફર

LED TV રૂ. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.પી. રોડાઈ કોમ્પલેક્ષ, અન્ડર શાહિન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર મોરણે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :

● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે

● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

ૐ નેચર ક્યોર સેન્ટર

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નેસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે

● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા

● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું

● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા

● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી

● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, કિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨